dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 47 । AD - 2026, Kartak Sud-10 । Friday, Dt. 20-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

શેનઝેનમાં પ્રથમ વખત ત્રણ મહાસત્તાના નેતાઓ એકસાથે મળ્યા

ટ્રમ્પ, જિનપિંગ અને પુતિનની ઐતિહાસિક ત્રિપક્ષીય બેઠક



શેનઝેન, તા.૧૯

ચીનના શેનઝેન શહેરમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે ઐતિહાસિક ત્રિપક્ષીય બેઠક યોજાઈ હતી. પ્રથમ વખત ત્રણેય મહાસત્તાના નેતાઓ એકસાથે ત્રિપક્ષીય બેઠકમાં સામેલ થયા હતા. આ બેઠકમાં વૈશ્વિક શાંતિ, સુરક્ષા, પરમાણુ હથિયારોના જોખમો, આર્થિક સહયોગ અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં સુધારા સહિતના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકની શરૂઆતમાં પરમાણુ હથિયારોના જોખમો અંગે ચર્ચા થઈ હતી. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે પરમાણુ હથિયારોને માનવતાના માથા પર લટકતી તલવાર ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે માનવજાતના ભવિષ્ય અને વિશ્વની સુરક્ષા માટે પરમાણુ હથિયારોને સંપૂર્ણપણે નાબૂદ કરવા જોઈએ. પરમાણુ યુધ્ધના જોખમને ટાળવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સંવાદ અને સહયોગ જરૂરી હોવાનું પણ ચર્ચાયું હતું. રશિયાના રાષ્ટ્રપતિ પુતિને જણાવ્યું હતું કે બીજા વિશ્વ યુધ્ધમાં રશિયા, ચીન અને અમેરિકાએ વિજય મેળવ્યો હતો. તેથી વિશ્વમાં શાંતિ અને સુરક્ષા જાળવી રાખવાની જવાબદારી પણ આ ત્રણેય દેશોની છે. તેમણે ત્રણેય દેશો વચ્ચે સહયોગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બીજી તરફ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ સમક્ષ અમેરિકાના ખેડૂતોના હિતનો મુદ્દો ઉઠાવ્યો હતો. ટ્રમ્પે ચીનને અમેરિકામાંથી વધુ પ્રમાણમાં સોયાબીન ખરીદવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ચીનમાં કૃષિ ઉત્પાદનોની માંગ ઘણી વધારે છે અને અમેરિકાના ખેડૂતો પાસેથી વધુ ખરીદી કરવામાં આવે તો બંને દેશોને લાભ થઈ શકે છે. ટ્રમ્પે જિનપિંગને પોતાના ખાસ મિત્ર ગણાવ્યા હતા. ત્રણેય નેતાઓની પ્રથમ ત્રિપક્ષીય બેઠકને ઈતિહાસ રચનારી ઘટના ગણાવીને તેમણે ખુશી વ્યક્ત કરી હતી.ત્રણેય નેતાઓની બેઠક બાદ રશિયા દ્વારા જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનના મુસદ્દામાં ચાર મુખ્ય મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રથમ, સંયુક્ત રાષ્ટ્રની વ્યવસ્થામાં સુધારા કરવા અંગે સહમતી વ્યક્ત કરવામાં આવી હતી. બીજો, પેટ્રોલિયમનું ઉત્પાદન અને પુરવઠો વધારવા અંગે સહમતી દર્શાવવામાં આવી હતી. ત્રીજા મુદ્દામાં કોઈપણ દેશના સરકારી અધિકારીઓને સત્તાવાર કામગીરી બદલ અન્ય દેશોની અદાલતોમાં કાનૂની કાર્યવાહીથી મુક્તિ મળવી જોઈએ તેવી વાત કરવામાં આવી હતી. સાથે જ આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત (ICC)એ પોતાની સત્તાનો દુરુપયોગ ન કરવો જોઈએ તેમ જણાવાયું હતું.ચોથા મુદ્દામાં પરમાણુ હથિયારો સાથે સંકળાયેલા જોખમો ઘટાડવા માટે વાટાઘાટો ચાલુ રાખવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે પરમાણુ યુધ્ધ જીતી શકાય તેમ નથી અને આવું યુધ્ધ ક્યારેય લડવું જોઈએ નહીં.

ચક્રવાત 'અકવાન'નાખતરાનેલઈ ઓડિશામાં ૮૦ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું



ભુવનેશ્વર, તા. ૧૯

ચક્રવાતી વાવાઝોડા 'અકવાન'ના સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને ઓડિશા સરકારે સાવચેતીનાં પગલાં શરૂ કર્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આશરે ૮૦ હજાર લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. વાવાઝોડાની અસરને ધ્યાનમાં રાખીને રાજ્યના છ જિલ્લાઓમાં ૧૯થી ૨૧ નવેમ્બર સુધી શાળાઓ અને આંગણવાડીઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ચક્રવાતની અસર દેશનાં ૧૦ રાજ્યોમાં થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ ચક્રવાત શુક્રવારે બપોરે આંધ્રપ્રદેશના નરસાપુર અને ઓડિશાના પુરી વચ્ચેના દરિયાકાંઠે ટકરાઈ શકે છે. આ દરમિયાન ૯૦થી ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. અગાઉ સમાચાર સંસ્થા એએનઆઈએ પણ ગુરુવારે ચક્રવાત દરિયાકાંઠે ટકરાવાની આગાહી કરી હતી. વાવાઝોડાની અસરના પગલે ઓડિશા, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સંભવિત પરિસ્થિતિનો સામનો કરવા માટે નૌકાદળ સહિતની વિવિધ સુરક્ષા અને રાહત એજન્સીઓ તૈયારીઓમાં લાગી ગઈ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં લોકોને સાવચેત રહેવા અને સુરક્ષિત સ્થળોએ આશ્રય લેવા સૂચના આપવામાં આવી છે.બીજી તરફ, વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં રાખીને રેલવે વિભાગે પણ સાવચેતીનાં પગલાં લીધાં છે. ગુરુવારે ત્રણ ટ્રેનોના ઉપડવાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

ખેડૂતો-વેપારીઓને ગાળો આપવાથી દેશ આગળ નહીં વધે : વડાપ્રધાન મોદી



નવી દિલ્હી, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ફિક્કીની વાર્ષિક મહાસભા અને સંમેલનનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે ખેડૂતો અને વેપારીઓની ટીકા કરવાથી દેશનો વિકાસ થવાનો નથી. દેશને આગળ વધારવા માટે ઉદ્યોગો, વેપારીઓ અને ખેડૂતોને સાથે લઈને ચાલવું અત્યંત જરૂરી છે.

આ સંમેલનમાં દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ અને નીતિ ઘડનારાઓને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે ભારત આજે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા છે અને દેશનો આર્થિક વિકાસ દર આશરે સાત ટકા રહેવાનો અંદાજ છે.

તેમણે વિશ્વ બેંકના અહેવાલનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે છેલ્લા ૧૨થી ૧૩ વર્ષમાં ૫૦ કરોડથી વધુ ભારતીયો ગરીબીમાંથી બહાર આવ્યા છે, જે દેશની બદલાતી આર્થિક સ્થિતિ દર્શાવે છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ભારત પાસે ૧૪૦ કરોડ લોકોનું વિશાળ સ્થાનિક બજાર છે, પરંતુ ઉદ્યોગોએ હવે વૈશ્વિક બજારમાં સ્પર્ધા કરવા તૈયાર રહેવું જોઈએ. ઓક્ટોબર મહિનામાં ભારતની માલસામાનની નિકાસ આશરે ૫૦ અબજ ડોલરની વિક્રમી સપાટીએ પહોંચી છે. વડાપ્રધાને ઉદ્યોગ જગતને ઉત્પાદનની ગુણવત્તા અને નવીનતા પર ભાર મૂકી વૈશ્વિક સ્તરે ભારતની ઓળખ મજબૂત બનાવવા આહ્વાન કર્યું હતું.

પોલીસ દ્વારા અકસ્માતના કારણની તપાસ શરૂ કરાઈ

હિમાચલ પ્રદેશમાં ખીણમાં કાર ખાબકતાં ૬ યુવાનોના મોત



શિમલા, તા.૧૯


હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના જોગીન્દરનગર સબડિવિઝનના લાડભડોલ વિસ્તારમાં ગઈકાલે રાત્રે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પેટ્રોલ પંપ નજીક ચાલકે કાબૂ ગુમાવતા કાર આશરે ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર છ યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. મૃતકોમાં મોટાભાગના ૧૮ વર્ષથી ઓછી ઉંમરના હોવાનું જાણવા મળ્યું છે. મૃતકોની ઓળખ યાસ રાય, આયુષ, પંકજ, આદિત્ય, અર્ણવ અને નુજુ તરીકે થઈ છે. તમામ અલગ-અલગ ગામોના રહેવાસી હતા. ડીએસપી લોકેન્દ્ર નેગીએ અકસ્માતની પુષ્ટિ કરી હતી અને પોલીસ દ્વારા અકસ્માતના કારણની તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ ઘટનાથી સમગ્ર લાડભડોલ વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. દરમિયાન, શિમલાના રામપુર વિસ્તારમાં પણ કાર ખીણમાં પડતાં ત્રણ લોકોનાં મોત અને બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

ભારત આર્થિક સમૃધ્ધ દેશ હોવા છતાં સ્વચ્છતામાં પ્રદર્શન નબળું: સુપ્રીમ કોર્ટ



નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ભારત સમૃધ્ધ દેશ હોવા છતાં સ્વચ્છતાના મામલે આપણું પ્રદર્શન નબળું છે. ખરાબ સ્વચ્છતા અને ઘન કચરાના અયોગ્ય વ્યવસ્થાપનની અસર સમાજ તેમજ દેશની છબી પર પડે છે. જસ્ટિસ એસ.વી.એન. ભટ્ટી અને જસ્ટિસ એન.વી. અંજરિયાની બેન્ચે નગર નિગમોમાં પર્યાવરણીય નિયમોના પાલન સંબંધિત અપીલોની સુનાવણી દરમિયાન આ ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે જણાવ્યું કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ના અમલ માટેના પ્રારંભિક બે તબક્કા પૂર્ણ થયા છે. સાથે જ તમામ કલેક્ટરોને સ્થાનિક સંસ્થાઓના સહયોગથી પોતાના વિસ્તારમાં મોટા પ્રમાણમાં કચરો ઉત્પન્ન કરતા એકમોની ઓળખ કરવા નિર્દેશ આપ્યો હતો.



સફાઈ કામદારોમાં દિવાળીની ખુશી બેવડાઈ

અમરેલી પાલિકાના ૨૫ સફાઇ કર્મચારીઓને કાયમી નિમણૂકના હુકમ અપાયા

ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે નિમણૂક પત્રો એનાયત, બાકી ૩૦થી ૩૫ કર્મચારીઓને પણ કાયમી કરવાની ખાતરી

અમરેલી,તા.૧૯



અમરેલી નગરપાલિકામાં ફરજ બજાવતા ૨૫ સફાઈ કર્મચારીઓને હાઈકોર્ટના હુકમના આધારે કાયમી નિમણૂક આપવામાં આવી છે. રાજ્યના કાયદા અને ઊર્જા મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે કર્મચારીઓને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, પી.પી. સોજીત્રા, કારોબારી ચેરમેન, ઉપપ્રમુખ સહિત ચૂંટાયેલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કર્મચારીઓના કાયમી નિમણૂકના કેસ હાઈકોર્ટમાં ચાલી રહ્યા હતા. પી.પી. સોજીત્રાએ જણાવ્યું હતું કે હાઈકોર્ટના હુકમના આધારે ૨૫ કર્મચારીઓને કાયમી નિમણૂકના હુકમ આપવામાં આવ્યા છે. બાકી રહેલા કેસોમાં પણ કર્મચારીઓને વહેલી તકે નિમણૂકના હુકમ આપવાની ખાતરી આપવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હજુ ૩૦થી ૩૫ કર્મચારીઓ કાયમી થવાના બાકી છે, જેમને પણ આગામી દિવસોમાં કાયમી કરવામાં આવશે.

રાજુલાના અપહરણના ગુનામાં ૨૧ વર્ષથી નાસતો ફરતો લિસ્ટેડ આરોપી ઝડપાયો

અમરેલી,તા.૧૯



રાજુલા પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં છેલ્લા ૨૧ વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપીને અમરેલી લોકલ ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમે રાજુલા પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૨૨૮/૨૦૦૫, આઈ.પી.સી. કલમ ૩૬૩ અને ૩૬૬ મુજબના ગુનામાં વોન્ટેડ રમેશ ઉર્ફે રામવિલાસ રામબેલાસ યાદવ (ઉ.વ. ૪૦, રહે. બબનોટી શંકરપુર, જિ. બહરાઇચ, ઉત્તરપ્રદેશ)ને ટેક્નિકલ સોર્સ અને બાતમીના આધારે પકડીને આગળની કાર્યવાહી માટે તેને રાજુલા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

ગજેરા કેમ્પસના હોકી ખેલાડીઓનું રાજ્ય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન

અમરેલી,તા.૧૯



SGFI દ્વારા રાજ્યકક્ષાની હોકી સ્પર્ધાનું આયોજન સાપુતારા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાની શ્રેષ્ઠ શાળાકીય હોકી ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાની **U-19** ભાઈઓ હોકી ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરીને કાંસ્ય પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જેમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓ ૧) મોરી વિક્રમ ૨) બારૈયા ગૌતમ ૩) સોલંકી જયવીર ૪) રાબડીયા રુદ્ર ૫) તારાપરા મીત ૬) ભંડેરી રોનક ૭) ડાંગર જીત ૮) પરમાર શિવાંગ ૯) અકબરી મનદીપ ૧૦) તારાપરા યશ ૧૧) રાઠોડ રાજન ૧૨) સૈયદ આયન ૧૩) સાંગા વ્રજ ૧૪) સોલંકી વિરાજ ૧૫) ધાનાણી વીરની ટીમે કાંસ્ય પદક પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિમાં અમરેલી જિલ્લા ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સ્પોર્ટ્સ સ્કૂલની વિશેષ ભૂમિકા રહી છે. આ સિધ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજેતા ખેલાડી ટીમ, તેમજ કોચ અક્ષયભાઈ સોની, રુચિતભાઈ પટેલ અને ટ્રેનર સાર્થકભાઈ માલકીયા અને ટ્વીન્કલબેન ગજજરને અભિનંદન પાઠવ્યા હતા.

ખાંભાના પાટી અને મોટા સરાકડીયા ગામે સુવિધાપથ રોડનું ખાતમુહૂર્ત

ખાંભા,તા.૧૯



ખાંભા તાલુકાના પાટી અને મોટા સરાકડીયા ગામે સુવિધાપથ રોડના નિર્માણકાર્યનું ધારાસભ્ય જે.વી. કાકડિયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના સદસ્ય અરવિંદભાઈ ચાવડા, તાલુકા પંચાયતના સદસ્ય શાંતિલાલ હુંમર, તાલુકા ભાજપ પ્રમુખ આનંદભાઈ ભટ્ટ સહિત બંને ગામોના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ખાતમુહૂર્ત પ્રસંગે ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ રોડનું નિર્માણ થતાં ગામના લોકોને અવરજવરમાં સુવિધા મળશે તેમજ વાહનવ્યવહાર વધુ સરળ બનશે. ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓના વિકાસ તરફ આ કામગીરી મહત્વપૂર્ણ બની રહેશે. કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનોએ પણ ઉપસ્થિતિ નોંધાવી હતી.

ભૂરખીયા હનુમાનજી મંદિરે નેત્ર નિદાન કેમ્પમાં ૧૩૦ દર્દીઓએ લાભ લીધો

દામનગર,તા.૧૯

લાયન્સ ક્લબ, મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલયના સંયુક્ત ઉપક્રમે કેમ્પનું આયોજન

ભૂરખીયા ગામે સ્વયં પ્રગટ ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે તા. ૧૯-૧૧-૨૦૨૬ના રોજ નિઃશુલ્ક ૧૦૪મા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સિટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કેમ્પને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર, મુંબઈ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવ્યો હતો. કેમ્પમાં ડૉ. કાનન સેદાણીએ કુલ ૧૩૦ દર્દીઓની આંખોની તપાસ કરી હતી. જેમાંથી ૪૩ દર્દીઓને મોતિયાના અને ચાર દર્દીઓને વેલના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવ્યા હતા. જ્યારે ૩૧ દર્દીઓને રાહતદરે નંબરનાં ચશ્માં બનાવી આપવામાં આવશે. આ નિઃશુલ્ક સેવા કેમ્પથી આંખના દર્દીઓને મોટી રાહત મળતાં દર્દીઓએ આયોજકો અને સહયોગીઓની સેવાભાવનાને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

લાઠીના અડતાળા ગામે યુવાનને માર મારનાર ત્રણ આરોપીની ધરપકડ

ઉપસરપંચ સહિત બે લોકો હજુ પણ પોલીસ પકડથી દૂર

અમરેલી,તા.૧૯



લાઠી તાલુકાના અડતાળા ગામે પાણીના પ્રશ્ને રજૂઆત કરવા ગયેલા યુવાન પર પાંચ શખ્સોએ હુમલો કરતા ચકચાર મચી જવા પામી હતી. ઉપસરપંચે રિવોલ્વર અને લાકડાના ધોકાથી દબાવવાનો પ્રયાસ કરતા પાંચ શખ્સો સામે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

લાઠીના અડતાળા ગામે હાલ સુરત રહેતા અંકિતભાઈ છગનભાઈ સાવકીયા પાણી પ્રશ્ને રજૂઆત કરવા ગયા હતા.

જ્યાં ઉપસરપંચ જીતુભાઈ વાળા રિવોલ્વર લઈને નીચે ઉતર્યા હતા અને પાંચ લોકોએ એક સંપ કરી યુવાને માર માર્યો હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડતા આરોપીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.

જેથી પોલીસે તાત્કાલિક ત્રણ આરોપીઓ દિલીપ ભાયાભાઈ વાળા, નિલેશ ભીખુભાઈ વાળા અને રઘુવીર અનકભાઈ વાળા નામના શખ્સોની પોલીસે અટકાયત કરી હતી જયારે ઉપસરપંચ જીતુભાઈ ભાયાભાઈ વાળા અને મહેશભાઈ ભીખુભાઈ વાળા નામના શખ્સો હજુ પણ પોલીસ પકડથી દૂર છે.

રાજુલામાં હોસ્પિટલના મેઈન ગેટનું બોર્ડ ઝાડની ડાળીઓમાં ઢંકાયું!

રાજુલા,તા.૧૯



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સરકારી હોસ્પિટલ બનાવવામાં આવી છે, પરંતુ હોસ્પિટલના મેઈન ગેટ પર લગાવવામાં આવેલું બોર્ડ ઝાડની ડાળીઓમાં ઢંકાઈ ગયું છે. હોસ્પિટલના ગેટ પાસે જ બોર્ડનો મોટાભાગનો ભાગ ડાળીઓથી ઢંકાયેલો હોવાથી બહારગામથી આવતા અજાણ્યા દર્દીઓને હોસ્પિટલ ઓળખવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. દર્દીઓ હોસ્પિટલના ગેટ પાસેથી પસાર થઈ જાય છે, છતાં બોર્ડ સ્પષ્ટ દેખાતું નથી. ઈમરજન્સીના સમયે એક-એક મિનિટ કિંમતી હોય છે ત્યારે આવી બેદરકારી દર્દીઓ માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. હોસ્પિટલના સ્ટાફ, ડોક્ટરો કે સફાઈ કર્મચારીઓનું પણ આ બાબતે ધ્યાન ન જતું હોવાની ચર્ચા છે. ત્યારે હોસ્પિટલ તંત્ર અને નગરપાલિકા દ્વારા તાત્કાલિક ઝાડની ડાળીઓ કાપી બોર્ડ સ્પષ્ટ દેખાય તેવી વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

ચક્રાવા જુથ ગ્રામપંચાયત કચેરી, તા.ખાંભા, જિ.અમરેલી.

:: જાહેર હરરાજી અંગેની નિવિદા ::

વિષય : ચક્રાવા જુથ ગ્રામ પંચાયતના પાણીનો અવેડો, બાબરપુર ગામે પ્રા.શા.ની બાજુમાં પાણીનો ટાંકો, પાણીની ઓરડી તોડવા હરરાજી કરવા અંગેની જાહેરાત

સવિનય સાથ જણાવવાનું કે ચક્રાવા જુથ ગામે આવેલ (૧) પ્રા.શાળાની બાજુમાં આવેલ પાણીનો અવેડો (૨) બાબરપુર ગામે પ્રા.શાળાની બાજુમાં આવેલ પાણીનો ટાંકો (૩) અ.જા. વિસ્તારમાં આવેલ પાણીની ઓરડી પાડી કાટમાળની હરરાજી તા.૨૩/૧૧/૨૦૨૬ના રોજ કરવામાં આવનાર છે. તો રસ ધરાવતી એજન્સીએ હરરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે. જેની અપસેટ કિંમત રૂા. ૫૧૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર એકસો નક્કી કરવામાં આવેલ છે.

-: શરતો :-

૧. હરરાજીમાં ભાગ લેનાર એજન્સીએ ડીપોઝીટ પેટે રકમ રૂા.૧૦૦૦/- રોકડથી જમા કરાવવાની રહેશે.
૨. હરરાજીમાં ભાગ લેનાર એજન્સી પૈકી પસંદ થયેલ એજન્સીએ જે-તે રકમ તેજ દિવસે રોકડ/ચેક સ્વરુપે ગ્રામ પંચાયતમાં જમા કરવાના રહેશે.
૩. પસંદ થયેલ એજન્સીએ આ કામ મળ્યેથી દિન-૭માં ઈમલો પાડી જગ્યા ખાલી/ સમથળ કરી સોંપવાની રહેશે.
૪. કામ સમયે કોઈ પણ પ્રકારની જાનહાની કે નુકશાનની જવાબદારી જે તે એજન્સીની રહેશે.

હરરાજી તારીખ : ૨૩/૧૧/૨૦૨૬ને સોમવાર - સમય : સવારે ૧૧:૩૦ કલાકે
સ્થળ : ચક્રાવા જુથ ગ્રામપંચાયત કચેરી, તાલુકો-ખાંભા, જિલ્લો-અમરેલી.

તલાટી કમ મંત્રી, ચક્રાવા જુથ ગ્રામપંચાયત કચેરી | સરપંચ, ચક્રાવા જુથ ગ્રામપંચાયત કચેરી

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જ્વેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૯

મંદિરો અને રહેણાંક મકાનો બાદ હવે ખેતરોમાં પણ તસ્કરોનો તરખાટ

અમરેલી જિલ્લામાં સીમચોરીના વધતા બનાવોથી ખેડૂતોમાં ફફડાટ

કોપર વાયર, ટ્રાન્સફોર્મરનું ઓઇલ અને વીજસામગ્રીની ચોરીથી ખેડૂતો પરેશાન, પોલીસ પેટ્રોલિંગ વધારવાની માગ

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ચોરીના બનાવોમાં વધારો થતો હોવાની ફરિયાદો સામે આવી રહી છે. અગાઉ તસ્કરો દ્વારા મંદિરો અને રહેણાંક મકાનોને નિશાન બનાવવામાં આવતાં હતાં, પરંતુ હવે તસ્કરોએ ગામડાંની સીમ અને ખેતરો તરફ પણ નજર દોડાવી છે. ખેતીવાડી વિસ્તારમાં વીજળીની લાઇનોમાંથી કોપર વાયર સહિતની કિંમતી સામગ્રીની ચોરીના બનાવો સામે આવતાં ખેડૂતોમાં ચિંતા અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. તસ્કરો હવે માત્ર વીજળીના વાયરની ચોરી સુધી સીમિત રહ્યા નથી, પરંતુ ખેતરોમાં લગાવવામાં આવેલા વીજ ટ્રાન્સફોર્મરમાંથી કિંમતી કોપર અને ઓઈલની ચોરી કરવાના બનાવો પણ સામે આવી રહ્યા છે. રાત્રિના અંધકારનો લાભ લઈને તસ્કરો ખેતરોમાં પ્રવેશ કરે છે અને વીજસામગ્રીની ચોરી કરીને ફરાર થઈ જાય છે. આવા બનાવોને કારણે ખેડૂતોને આર્થિક નુકસાન સહન કરવાની સાથે ખેતીના કામમાં પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.ખાસ કરીને ગામડાંની સીમમાં રાત્રિના



સમયે પૂરતી દેખરેખના અભાવે તસ્કરોને મોકળું મેદાન મળી રહ્યું હોવાની ચર્ચા ખેડૂતોમાં થઈ રહી છે. એક તરફ ખેતીમાં મોંઘા બિયારણ, ખાતર, દવા અને વીજળીના ખર્ચથી ખેડૂતો પહેલેથી જ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ ખેતરોમાં થતી ચોરીના બનાવો તેમની મુશ્કેલીમાં વધારો કરી રહ્યા છે.ચોરીના વધતા બનાવોને પગલે પોલીસની કામગીરી અને રાત્રિ પેટ્રોલિંગ સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસની નિયમિત અવરજવર અને દેખરેખ વધારવામાં આવે તો આવા બનાવો પર અંકુશ મેળવી શકાય તેવી લાગણી ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. આ ઉપરાંત ગ્રામ્ય સુરક્ષામાં મહત્વની ભૂમિકા ભજવતા ગ્રામ રક્ષક દળના જવાનોને પણ રાત્રિના સમયે સીમ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવે તેવી માગ ઊઠી છે.ખેડૂત સંગઠનો દ્વારા પણ ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવા, શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલ પર નજર રાખવા અને ચોરીના બનાવોમાં સંડોવાયેલા તત્વોને ઝડપી પાડવા માટે અસરકારક કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી રહી છે. સીમ વિસ્તારમાં ખેડૂતોની મહેનત અને કિંમતી વીજસામગ્રીની સુરક્ષા જળવાય તે માટે પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી લોકમાગ પ્રબળ બની રહી છે. હવે પોલીસ તંત્ર આ વધતી જતી સીમચોરીની સમસ્યાને ડામવા કેવાં પગલાં ભરે છે તે જોવું રહ્યું.

જસવંતગઢ ખાતે ૭૩મા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લાના જસવંતગઢ ખાતે તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ યુવા નેતા મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ અને એકતા મહિલા શરાફી સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે ૭૩મા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા ખરીદ-વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા, મનીષભાઈ સંઘાણી, વિલાસબેન દેસાઈ, કોમલબેન તેરૈયા, પ્રફુલભાઈ ગજેરા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્ય સહકારી સંઘના દિશાનિર્દેશ અનુસાર વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી બદલ એકતા મહિલા શરાફી સહકારી મંડળીને જિલ્લાકક્ષાએ તૃતીય ક્રમ આપી શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે મહાનુભાવોએ મંડળીને શુભેચ્છા પાઠવી હતી. અંતે રંજનબેન ડાભીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા મંત્રી એમ.એચ. ડાભીએ જહેમત ઉઠાવી હતી.

ઝાંપોદર ગામે રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતના ખેતરની મુલાકાત લીધી

અમરેલી,તા.૧૯



રાજુલા તાલુકાના ઝાંપોદર ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે આંબા, વિવિધ ફળો અને શાકભાજીના પાકનું નિરીક્ષણ કરી ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા અને રાજુલાના ધારાસભ્ય હિરા સોલંકી ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલે ખેડૂતોને રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાસાયણિક ખેતીથી જમીનની ફળદ્રુપતા અને ખોરાકની ગુણવત્તા પર વિપરીત અસર થાય છે. આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિકોએ જીવામૃત અને ધનજીવામૃત બનાવવાની પધ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ સહિત અધિકારીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

હિરેન હિરપરાએ ખાંભાના રાણીગપરામાં ખેડૂતો સાથે કર્યો સંવાદ

સરકારી યોજનાઓ, સબસિડી અને આધુનિક ખેતી અંગે માર્ગદર્શન આપ્યું

ખાંભા,તા.૧૯



ખાંભા તાલુકાના રાણીંગપરા ગામે ગુજરાત કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ હિરેન હીરપરાની ઉપસ્થિતિમાં ખેડૂતો સાથે સીધો સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાણીંગપરા સહિત આસપાસના ગામોના મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. બેઠકમાં ખેતીને વધુ નફાકારક, આધુનિક અને ટકાઉ બનાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. હિરેન હીરપરાએ ખેડૂતોને સરકાર દ્વારા ખેતીવાડી ક્ષેત્રે આપવામાં આવતી વિવિધ સહાય, સબસિડી, કૃષિ સાધનો પર મળતા લાભો તેમજ સિંચાઈ યોજનાઓની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે જાણકારીના અભાવે કોઈ ખેડૂત સરકારી યોજનાઓના લાભથી વંચિત ન રહે તે માટે ગામડાંઓમાં જાગૃતિ લાવવી જરૂરી છે.

રાજુલામાં મહાકાળી માતાજીના મંદિરે તુલસી વિવાહનું આયોજન

રાજુલા,તા.૧૯

રાજુલાના ફોરેસ્ટ કોલોની પાસે મહાકાળી માતાજીના મંદિરે તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારના રોજ તુલસી વિવાહનું આયોજન કરાયું છે. અંબાડાથી ગોબરભાઈ સિંધવા ઠાકોરજીની જાન લાવશે અને મહુવાના દીપકભાઈ પરમાર કન્યાદાન કરશે. સાંજે ૭:૧૫ કલાકે ફરાળ-મહાપ્રસાદ યોજાશે.

ધો. ૧૧-૧૨ સાયંસ ગર્લ્સ સ્કૂલ – હવેથી સવારની
ધો. ૧૧-૧૨ સાયંસ EM સ્કૂલ – સવારની યથાવત
ધો. ૧૧-૧૨ સાયંસ મિશ્ર સ્કૂલ – સવારની યથાવત

★ સ્કૂલનો સમય – સવારે ૦૬:૩૦ થી ૧૨:૪૫ ડેઈલી
★ JEE - NEET - GUJCAT ક્લાસનો સમય સાંજના ૦૫:૦૦ થી ૦૭:૦૦ ડેઈલી
★ કન્ટેઈન & મેથડ – Expert & Master ટીચર દ્વારા ટીચીંગ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળ:- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad156

વિરેન્દ્રભાઈ સોની મો. ૯૪૨૬૨ ૩૪૦૩૫
જયરાજભાઈ સોની
રવિરાજભાઈ સોની
હિમાયલભાઈ સોની
JP પાર્થ જવેલર્સ (બાબરાવાળા)
સોના ચાંદીના ફેન્સી દાગીના ના વેપારી
સોનાના દાગીના | ચાંદીના દાગીના | ફેન્સી આભૂષણો | લેટેસ્ટ વેરાયટી
પ્રામાણિક અને પારદર્શક વ્યવહવાર | સોનાની શુધ્ધતાની ૧૦૦% ગેરેંટી
લગ્ન પ્રસગ માટે વિશાળ દાગીનાની વેરાયટી
અમારે ત્યાં ચાંદીના વાસણોમાં કંકાવટી, ગ્લાસ, વાટકી, તુલસી ક્યારો, ગાય, હાથી, માછલી વગેરે મળશે.
ટાવર ચોક, દાણા બજાર, અમરેલી. ૩૬૫૬૦૧.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ઓમ શાંતિ
GGRC Growing Green Together
ઉત્તમ ગુણવતા, તાત્કાલીક મટીરીયલ, ઝડપી ગોઠવણી
સુક્ષ્મ સિંચાઈનાં તમામ સાધનો એક છત નીચે બનાવતી વિશ્વની એકમાત્ર ભારતની નં.1 કંપની
સરકારશ્રીની 70% થી 90% સુધીની સબસીડીમાં
જૈન ડ્રીપ
જૈન મીની સ્પ્રિંકલર | જૈન પીવીસી | જૈન કુવારા સેટ ઉપલબ્ધ
જૈન ઈરિગેશન સિસ્ટમ્સ લિ.
જુના અને જાણીતા ડીલર
પુજા ઈરીગેશન
માણેકપરા, ભગવતી ચોક, અમરેલી.
ખોડાભાઇ બોરડ મો. 94272 63984, 99095 22896

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૯૧/૨૬
મુદત તારીખ :૨૮/૧૨/૨૦૨૬

અરજદાર : બટુકભાઈ મનજીભાઈ વાગડીયા, ઉ.વ.૬૨
ધંધો : મજુરીકામ મુ.ક્રાકચ તા.લીલીયા જી.અમરેલી હાલ: અમદાવાદ
વિરૂધ્ધ :-
સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, જન્મ મરણ અધિકારીશ્રી-ક્રાકચ મુ.ક્રાકચ, તા.લીલીયા જી.અમરેલી
અરજદારના વકીલ :– એસ.બી.વોરા

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એસ.બી.વોરા મારફત અરજદાર બટુકભાઈ મનજીભાઈ વાગડીયા, રહે.ક્રાકચ તા.લીલીયા મોટા જી.અમરેલીવાળાએ તેમની જન્મ તારીખ :૦૧/૦૬/૧૯૬૪ના રોજ ક્રાકચ મુકામે થયેલ છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા :૨૮/૧૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવું, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ રીખ ૧૬ માહે નવેમ્બર સને ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી
સહી	સહી		સહી
(એસ.જે.મકવાણા)	(પી.એન.પરમાર)		(એ.એસ.દવે)
આસીસ્ટન્ટ	બેન્ચ કલાર્ક		રજીસ્ટાર
			જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

રક્તદાન કેમ્પનું પણ કરાયુ આયોજન, સમુહ લગ્નોત્સવના આયોજન માટે તડામાર તૈયારી

અમરેલીના ફતેપુરમાં ભોજલધામ પાટોત્સવ નિમિત્તે ભવ્ય સમૂહ લગ્નોત્સવ યોજાશે

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાના ફતેપુર ગામે આવેલ ભોજલધામ ખાતે તા. ૨૪ નવેમ્બર ૨૦૨૬, કાર્તિકી પૂનમ મંગળવારના રોજ પ્રથમ પાટોત્સવ ઉજવાશે. આ પ્રસંગે ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભવ્ય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ૧૧ યુગલો લગ્નગ્રંથીથી જોડાશે.૧૧ લાખનું દાન આપી આ મહોત્સવના અધ્યક્ષ જયંતિભાઈ વિરજીભાઈ બાબરીયા એકલેરાવાળા રહ્યા છે. સવારે ૮ કલાકે રક્તદાન કેમ્પ સાથે કાર્યક્રમ શરુ થશે, ત્યારબાદ ગ્રહ શાંતિ યજ્ઞ, ભોજન પ્રસાદ અને બપોરે ૪:૪૫ કલાકે હસ્ત મેળાપ યોજાશે. રાત્રે ભજન સંતવાણીમાં તેજસભાઈ પટેલ, ભગવતીબેન ગૌસ્વામી, રેખાબેન વાળા સહિતના કલાકારો



જમાવટ કરશે.દરેક દીકરીને ૧૩૭ વસ્તુઓનો કરિયાવર અપાશે, જેમાં ફીજ, સોનાનું મંગળસુત્ર સહિતનો સામાન અપાશે સાથે ભોજલધામના ગેઈટનું લોકાર્પણ સવારે ૯ કલાકે થશે.સંતો મહંતો તથા રાજકીય આગેવાનો ની હાજરીમાં ઉજવાતા આ મહોત્સવમાં ધજારોહણ, ધર્મસભા અને દાતાઓના સન્માન પણ થશે. ટ્રસ્ટ દ્વારા આરોગ્ય કેન્દ્ર, અન્નક્ષેત્ર અને ગૌશાળા જેવી પ્રવૃતિઓ પણ ચાલે છે. ભક્તોને પરિવાર સાથે પધારવા હાર્દિક આમંત્રણ અપાયુ છે.

૧૧ યુગલો પ્રભુતામાં પગલા માંડશે, લાખો ભક્તો ઉમટી પડશે

લાઠીના છભાડીયાની પરિણીતા પર દહેજ મામલે સાસરિયાઓનો ત્રાસ

અમરેલી,તા.૧૯

લાઠી તાલુકાના છભાડીયા ગામે રહેતા પ્રેમીલાબેન દેવશીભાઈ ગોહીલ (ઉં.વ. ૪૨) એ પતિ સહિત પાંચ સાસરિયાઓ વિરુધ્ધ દહેજ અને ત્રાસની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ મુજબ, વર્ષ ૨૦૦૭ માં લગ્ન થયા બાદ પતિ દેવશીભાઈ, સાસુ અમરબેન, સસરા નારણભાઈ, નીતાબેન અને નણંદ નયનાબેન દ્વારા કરિયાવર બાબતે મેણાં મારી પિયરમાંથી પૈસા લાવવા દબાણ કરાતું હતું.

પતિ દેવશીભાઈએ પરિણીતાને અવારનવાર ઘરમાંથી કાઢી મૂકી ગાળો આપી મારકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીથી શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હોવાનો આક્ષેપ કરાયો છે.આ બનાવ અંગે લાઠી પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

પિયરમાંથી પૈસા લાવવાની માંગણી કરી મારકૂટ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પાંચ શખ્સો સામે ફરિયાદ

સાવરકુંડલા સરકારી હોસ્પિટલમાં આધુનિક ZSR પધ્ધતિથી સફળ સર્જરી

સાવરકુંડલા,તા.૧૯



સાવરકુંડલાની કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં ૧૬ વર્ષના કિશોરની આધુનિક ZSR પધ્ધતિથી સુન્નતની સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. આ પધ્ધતિમાં ઓછામાં ઓછી વાઢકાપ અને ટાંકા વગર ઓપરેશન થાય છે. હોસ્પિટલના અધીક્ષક ડૉ. વિવેક તરસરીયા સહિત તબીબી ટીમના માર્ગદર્શન અને સહયોગથી સર્જરી સફળ રહી હતી. હોસ્પિટલમાં અન્ય ગંભીર રોગોની સારવાર પણ ઉપલબ્ધ છે.

અમરેલી જિલ્લામાંથી કેફી પીણુ પીધેલા પાંચ નશાખોરો ઝડપાયા

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં પોલીસે સઘન પેટ્રોલિંગ હાથ ધરી વગર પાસ-પરમિટે નશો કરેલી હાલતમાં જાહેરમાં મળી આવેલા પાંચ શખ્સોને ઝડપી પાડ્યા છે. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં મોટા ઉચાણીયા પગથિયા પાસેથી પરશોત્તમભાઈ લાખાભાઈ સોલંકી (ઉં.વ. ૪૯) તથા લુણસાપુર બસ સ્ટેશન પાસેથી નાજાભાઈ લખુભાઈ ધાખડા (ઉં.વ. ૫૫) કેફી પીણું પીધેલી હાલતમાં પકડાયા હતા. આ ઉપરાંત, લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પુંજાપાદર ગામના જતીનભાઈ મધુભાઈ રાદડીયા (ઉં.વ. ૩૫) અને વીનુભાઈ શંભુભાઈ કરકર (ઉં.વ. ૫૦) નશાની હાલતમાં મળી આવ્યા હતા. જ્યારે લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી લુવારીયા પ્લોટ વિસ્તારના નરેશભાઈ વાલજીભાઈ હીરપરા (ઉં.વ. ૪૨) ને પોલીસે ઝડપી લઈ તમામ વિરુધ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસે તમામ લોકો સામે પ્રોહિબિશન હેઠળ ગૂનો નોંધ્યો

અમરેલીમાં મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા વિનામૂલ્યે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન

અમરેલી, તા.૧૯

અમરેલી ખાતે મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા આગામી તારીખ ૬ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ અમરેલી જિલ્લા તળપદા કોળી સમાજની દીકરીઓ માટે વિનામૂલ્યે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મહિલા તળપદા કોળી સેવા સમાજ, અમરેલીના પ્રમુખ આરતીબેન આર. ગોહીલની યાદી મુજબ, આ સમૂહ લગ્નમાં ભાગ લેવા માંગતા પરિવારોએ સંપર્ક કરવાનો રહેશે. જેના માટે પ્રમુખ આરતીબેન ગોહીલ (મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪/૯૩૭૪૭ ૩૪૮૨૦), પરશોતમભાઈ એન. મકવાણા (મો. ૯૪૨૮૭ ૯૮૬૪૭), ભીખુભાઈ પી. મકવાણા (મો. ૯૯૯૮૫ ૧૪૨૯૫), રમેશભાઈ આર. ડાભી (મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧) અને ભાવેશભાઈ જી. વાઘેલા (મો. ૯૭૩૭૮ ૮૩૧૭૮) નો સંપર્ક કરવાનો રહેશે.

સાવરકુંડલામાં નવી જીઆઈડીસીની કામગીરી તાત્કાલિક શરૂ કરવા માંગણી

૬ મહિના અગાઉ જાહેરાત છતાં જમીન સંપાદન સહિતની કામગીરી ઠપ્પ

સાવરકુંડલા,તા.૧૯

સાવરકુંડલા તાલુકામાં ઘોઘરિયાણી-ઘજડી ગામ વચ્ચે સરકાર દ્વારા છ મહિના અગાઉ જીઆઈડીસી સ્થાપવાની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, આજદિન સુધી જમીન સંપાદન, ઉદ્યોગો માટે પ્લોટની ફાળવણી, જોડાણ માર્ગો, વીજ સબસ્ટેશન, પાણી સહિતની જરૂરી સુવિધાઓ ઊભી કરવાની કામગીરી શરૂ કરવામાં આવી નથી. સાવરકુંડલાના કાંટા, લોખંડનાં ઓજારો અને ખેતીનાં સાધનો બનાવતા ઉદ્યોગકારોને પ્લોટની સુવિધા અને ટેક્સમાં રાહત આપી પ્રોત્સાહન આપવાની જરૂરિયાત છે. ઔદ્યોગિક રીતે પછાત અમરેલી જિલ્લામાં આ જીઆઈડીસી નાના-મોટા ઉદ્યોગકારો માટે આશીર્વાદરૂપ બની શકે તેમ છે. આથી જીઆઈડીસીની કામગીરી તાત્કાલિક શરૂ કરવા મુખ્યમંત્રી અને ઉદ્યોગમંત્રી સમક્ષ ભાનુભાઈ કોઠિયા દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ઉપરાંત ઘજડી ગામ નજીક રેલવે સ્ટેશન અને રેલવે ટ્રેક બનાવવાની પણ માંગણી કરવામાં આવી છે.

અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા કેરાળા (કમી) સ્થિત મંદબુદ્ધિ બાળકોની શાળાને રૂ. બે લાખનું અનુદાન અપાયું

અમરેલી,તા.૧૯

માનસિક દિવ્યાંગ બાળકોના વિકાસ અને કલ્યાણ પ્રેરિત કાર્યો કરતા અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં કમી કેરાળા સ્થિત 'માનવ સ્મૃતિ' મંદબુધ્ધિ બાળકોની વિવિધલક્ષી નિવાસી શાળાને બે લાખ રૂપિયાનું અનુદાન આપવામાં આવ્યું છે. જનકલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ નિવાસી શાળામાં માનસિક દિવ્યાંગ (મંદબુધ્ધિ ધરાવતા) બાળકોને રહેવાની તથા જમવાની સુવિધા નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે, તેમજ તેમના શિક્ષણ, તાલીમ અને પુનર્વસનની કામગીરી કરવામાં આવે છે. ટ્રસ્ટના રાજુભાઈ પરિખે જણાવ્યું હતું કે, જનકલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા ચાલતા સેવાકીય કાર્યો અને નિવાસી શાળાની પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવાની ભાવના સાથે અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા આ બે લાખ રૂપિયાનું અનુદાન અર્પણ કરવામાં આવેલ છે.

દામનગર સરકારી દવાખાનાના દરવાજા સામે રસ્તાની વચ્ચે સ્ટ્રીટ લાઈટનો થાંભલો, અકસ્માતની ભીતિ

દામનગર,તા.૧૯



દામનગરમાં સરકારી દવાખાનાના મુખ્ય દરવાજા સામે માર્ગની વચ્ચોવચ ઉભો કરાયેલો સ્ટ્રીટ લાઈટનો થાંભલો વાહનચાલકો માટે અડચણરૂપ બન્યો છે. રાત્રિના સમયે હોસ્પિટલમાં આવતા દર્દીઓ, તેમના સગાંસંબંધીઓ તેમજ ગારિયાધાર રોડ પરથી પસાર થતા વાહનચાલકોને પ્રકાશની સુવિધા મળી રહે તે હેતુથી સ્થાનિક તંત્ર દ્વારા આ થાંભલો ઉભો કરવામાં આવ્યો છે. પરંતુ રસ્તાની વચ્ચે થાંભલો હોવાથી અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે વાહનચાલકોને મુશ્કેલી પડે છે. આથી થાંભલાને યોગ્ય જગ્યાએ ખસેડવા નગરપાલિકા તંત્ર તાત્કાલિક કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: દશમ
તા.૨૦-૧૧-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૪૭,
સૂર્યાસ્ત-૦૫:૩૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ભાદ્રપડા

દૈનિક રાશિફળ

તા.૨૦-૧૧-૨૦૨૬ શુક્રવાર

મેષ: આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે.

વૃષભ: ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો તો ક્યારેક મિત્રોના કોઈ કામથી જવાનું થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો.

કર્ક: આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો.

સિંહ: આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે.

તુલા: આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછી પાની નહી કરે.

વૃશ્ચિક:આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે.

ધન: આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે.

મકર: આજનો દિવસ તમારા માટે ખાસ છે. આજે કોઈ પણ પ્રકારના વિવાદોથી દૂર રહેવાની જરૂર છે.

કુંભ: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે.

મીન: આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે.

સાવરકુંડલામાં અગાશીમાં ઘૂસી સગીરા સાથે અડપલા કર્યાની ફરિયાદ

અમરેલી,તા.૧૯

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી અંબિકા સોસાયટીમાં ૧૪ વર્ષીય સગીરાની છેડતી અને ત્યારબાદ પરિવારને ધમકી આપવા અંગે ફરિયાદ નોંધાઈ છે. સગીરાની માતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની પુત્રી ગર્લ્સ હાઈસ્કૂલેથી પરત ફરતી ત્યારે આરોપી વિક્રમ પ્રકાશભાઈ મૈસુરીયા છેલ્લા સાત માસથી રસ્તામાં પીછો કરી ઈશારા કરતો હતો.ગત તા. ૧૬/૧૧/૨૦૨૬ ના રોજ સાંજે ૬ વાગ્યે આરોપીએ ફરિયાદીની અગાશીમાં ગેરકાયદેસર પ્રવેશ કરી સગીરાને પાછળથી બથ ભરી શરીરે અડપલા કર્યા હતા. આ બાબતે ફરિયાદી, તેમના પતિ અને સંબંધી આરોપીઓના ઘરે ઠપકો આપવા જતાં વિક્રમ મૈસુરીયા અને ઈન્દુબેન મૈસુરીયા ઉશ્કેરાઈ ગયા હતા. બંને આરોપીઓએ ફરિયાદીના પતિનો કાંઠલો પકડી ગાળો આપી હતી અને ફરીથી આવશો તો પતાવી દઈશું તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે પી.આઈ. કે.બી. સોલંકી દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

ઠપકો આપવા જતા પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી

બગસરામાં જૂના ઝઘડાનું મનદુ:ખ રાખી યુવાનને જાનથી મારી નાખવાની ધમકી

બગસરા,તા.૧૯

બગસરાના ગીગેવનગર વિસ્તારમાં રહેતા સરફરાજભાઈ મહંમદભાઈ કાળવાતર (ઉં.વ. ૩૩) એ આદમ ઉર્ફે મહંમદ ઓસમાણભાઈ કાળવાતર વિરુધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી અને આરોપી વચ્ચે અગાઉ મારામારીનો ઝઘડો થયો હતો. તે બાબતનું મનદુ:ખ રાખી, ફરિયાદી પોતાનું મોટરસાયકલ લઈને નીકળ્યા ત્યારે આરોપીએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે બગસરા પોલીસ સ્ટેશનના અના. એ.એસ.આઈ. પી.ડી. કલસરીયા દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

બાઈક લઈને નીકળેલા યુવાનને આંતરી આરોપીએ ગાળો આપી

કેરિયાનાગસ ગામે 'હાલો ભેરુ ગામડે' કાર્યક્રમ યોજાયો


અમરેલી,તા.૧૯



અમરેલી તાલુકા મંડળના કિસાન મોરચા દ્વારા 'હાલો ભેરુ ગામડે' કાર્યક્રમ કેરિયાનાગસ ગામે યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કિસાન મોરચાના હોદ્દેદારોએ ખેડૂતોને સરકારની વિવિધ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને યોજનાઓનો લાભ લેવા માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી રણજીતભાઈ વાળા, લાઠી તાલુકા કિસાન મોરચાના પ્રભારી મનસુખભાઈ ગાંગડીયા, પ્રમુખ મનીષ ઠુંમર, મહામંત્રીઓ મોતીભાઈ કાનાણી અને કલ્પેશ મેતલીયા, અમરેલી તાલુકા કિસાન મોરચાના કોષાધ્યક્ષ રોનક ગજેરા, ઉપપ્રમુખ બાલુભાઈ વામજા, મંત્રી વિપુલભાઈ પાનસુરીયા અને સુનીલ માધડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમુહખેતીમાં રાજ્યપાલે વિદ્યાર્થીઓ અને ગ્રામજનો સાથે કર્યા યોગ

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના સમુહખેતી (ધુડીયા આગરીયા) ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વહેલી સવારે વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને શિક્ષકો સાથે યોગ તથા પ્રાણાયામ કર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલે વિવિધ યોગાસનો કરાવી યોગના મહત્વ અને આરોગ્યલક્ષી ફાયદાઓ સમજાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, નિયમિત યોગાભ્યાસથી શરીર તંદુરસ્ત રહે છે, મન એકાગ્ર બને છે અને જીવનમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. તેમણે કપાલભાતિ, અનુલોમ-વિલોમ અને ભસ્ત્રિકા પ્રાણાયામનું મહત્વ સમજાવી સૌને નિયમિત યોગ કરવાની અપીલ કરી હતી. અંતે ઓમકારના ઉચ્ચાર સાથે યોગ સત્ર પૂર્ણ થયું હતું.

તંત્રી લેખ

પ્રજાનો વિશ્વાસ એ જ લોકશાહીનો સાચો પાયો

લોકશાહી એ માત્ર મતદાન કરવાની વ્યવસ્થા નથી, પરંતુ માનવીના ગૌરવ અને અધિકારોનું રક્ષણ કરતી જીવંત પરંપરા છે. જ્યારે પ્રજા પોતાના ભવિષ્યનો નિર્ણય પોતાના મત દ્વારા કરે છે ત્યારે તે માત્ર સરકાર પસંદ કરતી નથી, પરંતુ પોતાના મૂલ્યોની પણ કસોટી કરે છે. આજે વિશ્વના અનેક દેશોમાં ચૂંટણી યોજાય છે, સરકારો બદલાય છે અને નવા ચહેરાઓ સત્તામાં આવે છે, છતાં એક સવાલ સતત ઊભો રહે છે કે લોકશાહી ખરેખર પ્રજાના હિત માટે ચાલે છે કે સત્તા મેળવવાનું સાધન બની ગઈ છે? ચૂંટણી જીતવા માટે ઉમેદવારોને નાણાં ખર્ચવા પડે છે તે વાસ્તવિકતા છે. વિશ્વના ૫૬ લોકશાહી દેશોના ૭૨ રથી વધુ રાષ્ટ્રીય રાજકીય પક્ષોના અભ્યાસમાં મતદાર દીઠ સરેરાશ ૧.૩ ડોલર જેટલો ચૂંટણી ખર્ચ થતો હોવાનું સામે આવ્યું છે. આ આંકડો નાનો લાગતો હોવા છતાં કરોડો મતદારો ધરાવતા દેશમાં તે અબજો રૂપિયાના ખર્ચમાં ફેરવાઈ જાય છે. જ્યારે ચૂંટણીમાં મોટું રોકાણ કરવામાં આવે છે ત્યારે સેવાભાવ કરતાં ખર્ચ વસૂલવાનો વિચાર પ્રબળ બનવાની આશંકા રહે છે. પરિણામે મતદાર નાગરિકને બદલે મત આપનાર ગ્રાહક તરીકે જોવાની માનસિકતા વિકસે છે, જે લોકશાહી માટે ચિંતાજનક છે. બીજી તરફ, ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ જનપ્રતિનિધિઓની સંપત્તિમાં થતો વધારો પણ ચર્ચાનો વિષય બન્યો છે. બીજી વખત ચૂંટણી લડતી વખતે ઉમેદવારો દ્વારા જાહેર કરવામાં આવતી મિલકતની વિગતોમાં ઘણીવાર સંપત્તિમાં મોટો તફાવત જોવા મળે છે. જો જનસેવા જ મુખ્ય હેતુ હોય તો સંપત્તિમાં આટલો વધારો કેવી રીતે થાય છે તેવો સવાલ સ્વાભાવિક છે. જનપ્રતિનિધિની જવાબદારી પ્રજાના હિતો અને જાહેર સંપત્તિનું રક્ષણ કરવાની છે, વ્યક્તિગત સંપત્તિ વધારવાની નહીં. પ્રજાની સમસ્યાઓ યથાવત રહે અને નેતાઓની સંપત્તિ વધતી જાય તો લોકશાહી પ્રત્યેનો વિશ્વાસ નબળો પડે છે. ચૂંટણી સમયે રાજકીય પક્ષો મફત વીજળી, પાણી, અનાજ, મુસાફરી, રોકડ સહાય અને વિવિધ યોજનાઓની જાહેરાતો કરે છે. આવી જાહેરાતો માત્ર ભારતમાં જ નહીં, અમેરિકા અને બ્રિટન સહિતના લોકશાહી દેશોમાં પણ જોવા મળે છે. પ્રજાને તાત્કાલિક લાભ આપવાની જાહેરાતો વચ્ચે દેશની આર્થિક સ્થિતિ અને સંસાધનોની મર્યાદાનો વિચાર થવો જરૂરી છે. મફત સુવિધાઓ કરતાં રોજગારીની તક, કૌશલ્ય વિકાસ અને સ્વરોજગાર માટેની વ્યવસ્થા ઊભી કરવી વધુ ઉપયોગી છે. મતદાર પોતાના મતના બદલામાં મળતા લાભને પ્રાથમિકતા આપશે તો ઉમેદવારની પ્રામાણિકતા, કાર્યક્ષમતા અને નીતિઓ પાછળ રહી જશે. આ પરિસ્થિતિ બદલવા માટે માત્ર કાયદાકીય સુધારા પૂરતા નથી. ચૂંટણી ખર્ચમાં પારદર્શિતા, રાજકીય ભંડોળની તપાસ, ઉમેદવારોની મિલકતની વિગતો અને ગુનાહિત પૃષ્ઠભૂમિ અંગેની માહિતી જાહેર થવી જરૂરી છે. પરંતુ તેની સાથે નાગરિકોમાં નૈતિક મૂલ્યો અને રાજકીય સમજણ વિકસાવવી પણ એટલી જ આવશ્યક છે. શાળાઓમાં મતદાનનું મહત્વ સમજાવવું, પરિવારમાંથી પ્રામાણિકતાના સંસ્કાર આપવા અને સમાજમાં સારા કાર્ય કરનાર પ્રતિનિધિઓને પ્રોત્સાહન આપવું જોઈએ. લોકશાહીમાં મતદારની જાગૃતિ સૌથી મોટી શક્તિ છે. ખેડૂતને યોગ્ય ભાવ, યુવાનોને રોજગારી, મહિલાઓને સલામતી અને સન્માન તથા સર્જનાત્મક ક્ષેત્રોને પ્રોત્સાહન મળે તે જ સાચો વિકાસ છે. ભીખ આપવાને બદલે કમાવાની તક આપવી એ લોકસેવાનું ઉત્તમ સ્વરૂપ છે. આજે લોકશાહી સામે અનેક પડકારો છે, પરંતુ પ્રજાની જાગૃતિ આશાનું કિરણ છે. સોશિયલ મીડિયા, સ્વતંત્ર પત્રકારત્વ અને યુવા પેઢી સત્તાધીશોને સવાલો પૂછતી થઈ છે.

જળસંકટ ઉપલબ્ધતા સાથે વોટર મેનેજમેન્ટ પણ જરૂરી છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વરસાદ જ્યારે સમયસર અને પૂરતા પ્રમાણમાં પડે છે ત્યારે ખેતરો લીલાછમ બની જાય છે, કૂવા અને તળાવો પાણીથી ભરાઈ જાય છે અને ગામડાંથી લઈને શહેરો સુધી પાણીની ચિંતા ઓછી થઈ જાય છે. પરંતુ જ્યારે વરસાદ મોડો પડે, લાંબો વિરામ લે અથવા અપેક્ષા કરતાં ઓછો વરસે ત્યારે જનજીવન પર તેની સીધી અસર જોવા મળે છે. ખેડૂતને પાકની ચિંતા સતાવે છે, પશુપાલકોને ઘાસચારા અને પાણીની મુશ્કેલી ઊભી થાય છે, ગૃહિણીઓને ઘરવપરાશના પાણીની ચિંતા થાય છે અને વહીવટી તંત્ર પર પાણી પહોંચાડવાનું દબાણ વધે છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદની અનિશ્ચિતતાને કારણે આવી સ્થિતિ સર્જાતી રહે છે. આ પરિસ્થિતિ ફરી એકવાર સાબિત કરે છે કે જળસંકટનો ઉકેલ માત્ર સારા વરસાદની આશા રાખવામાં નથી, પરંતુ પાણીના યોગ્ય આયોજન અને વ્યવસ્થાપનમાં રહેલો છે. ગુજરાતે છેલ્લા બે દાયકામાં પીવાના પાણીની ઉપલબ્ધતા વધારવા માટે નોંધપાત્ર પ્રગતિ કરી છે. એક સમયે ઉનાળો શરૂ થતાં જ અનેક ગામોમાં ટેન્કર દ્વારા પાણી પહોંચાડવાની ફરજ પડતી હતી. મહિલાઓ અને બાળકોને દૂરથી પાણી લાવવું પડતું હતું, જ્યારે પશુપાલકોને પાણી અને ઘાસચારાની શોધમાં સ્થળાંતર કરવું પડતું હતું. નર્મદા યોજનાના વિસ્તરણ અને રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડના નિર્માણથી આ સ્થિતિમાં મોટો ફેરફાર આવ્યો છે. અંતરિયાળ ગામો સુધી નળ દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા મજબૂત બની છે. આ સિધ્ધિ પાછળ સરકારના આયોજન, મોટા આર્થિક રોકાણ અને સતત કામગીરીનો ફાળો રહ્યો છે. જોકે, પાણીની ઉપલબ્ધતા વધી છે એટલે જળસંકટની સમસ્યા કાયમી રીતે દૂર થઈ ગઈ છે એવું માનવું યોગ્ય નથી. વસ્તીવધારો, શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને ખેતીમાં વધતા પાણીના વપરાશને કારણે પાણીની માગ સતત વધી રહી છે. ઓછા વરસાદના વર્ષોમાં નદીઓ અને જળાશયોમાં પાણીનો જથ્થો ઘટે છે ત્યારે હાલની વ્યવસ્થા પર ભારણ વધે છે. તેથી માત્ર નવા જળસ્ત્રોત ઊભા કરવા કે નવી પાઈપલાઈન નાખવાથી સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ આવી શકે નહીં. પાણીનો પુરવઠો વધારવાની સાથે પાણીની માગ ઘટાડવી અને ઉપલબ્ધ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો પણ એટલું જ જરૂરી છે. આ જ સાચા વોટર મેનેજમેન્ટનો પાયો છે. સામાન્ય રીતે પાણીની અછત સર્જાય ત્યારે નવા જળાશયો, બંધ, ચેકડેમ અને પાઈપલાઈન બનાવવાની વાત થાય છે. આ પ્રયાસો જરૂરી છે, પરંતુ તેની સાથે સ્થાનિક જળસ્ત્રોતોને મજબૂત બનાવવાની જરૂર છે. વરસાદનું પાણી જ્યાં પડે ત્યાં જ રોકવામાં આવે તો તે જમીનમાં ઊતરે છે અને ભૂગર્ભ જળના સ્તરમાં સુધારો થાય છે. ગામનાં તળાવોની નિયમિત સફાઈ, ઊંડાઈ વધારવી, ચેકડેમની મરામત, ખેત તલાવડીનું નિર્માણ અને વરસાદી પાણીને રોકવા નાના બંધારા બનાવવા જેવા કામો સતત થવા જોઈએ. ચોમાસા પહેલાં આ તમામ જળસ્ત્રોતોની યોગ્ય જાળવણી કરવામાં આવે તો વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ થઈ શકે છે. એક વખત કામ પૂર્ણ કરીને તેની જવાબદારી ભૂલી જવાને બદલે દર વર્ષે તેની દેખરેખ રાખવી જરૂરી છે. પાણી બચાવવાની શરૂઆત ઘરથી જ થવી જોઈએ. દાંત સાફ કરતી વખતે નળ ખુલ્લો રાખવો, વાસણ ધોતી વખતે જરૂર કરતાં વધુ પાણી વાપરવું, ટાંકી છલકાય ત્યાં સુધી પાણી ચાલુ રાખવું અને સ્નાન દરમિયાન પાણીનો બિનજરૂરી વપરાશ કરવો જેવી સામાન્ય ટેવો દરરોજ મોટા પ્રમાણમાં પાણીનો બગાડ કરે છે. નળ બંધ રાખવો, ટાંકીમાં ઓટોમેટિક કંટ્રોલર લગાવવો, ડોલથી સ્નાન કરવું અને શાકભાજી ધોયેલું પાણી છોડને પાવામાં ઉપયોગમાં લેવું જેવી નાની બાબતો અપનાવવાથી નોંધપાત્ર પાણી બચાવી શકાય છે. લાખો પરિવારો આવી ટેવો અપનાવે તો રાજ્યના સ્તરે પાણીની મોટી બચત થઈ શકે છે. ખેતી ક્ષેત્રમાં પાણીનો વપરાશ સૌથી વધુ હોવાથી જળવ્યવસ્થાપનમાં ખેડૂતોની ભૂમિકા અત્યંત મહત્વની છે. પરંપરાગત પધ્ધતિથી ખેતરમાં પાણી છોડવામાં આવે ત્યારે મોટાભાગનું પાણી વહી જાય છે અથવા બાષ્પીભવનથી વેડફાય છે. તેના બદલે ટપક સિંચાઈ પધ્ધતિથી પાણી સીધું છોડનાં મૂળ સુધી પહોંચે છે. ફુવારા પધ્ધતિથી પણ પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય છે. આ પધ્ધતિઓથી પાણીની બચત સાથે ખાતરનો વપરાશ ઘટે છે અને પાકની ગુણવત્તા તથા ઉત્પાદનમાં સુધારો થઈ શકે છે. સાથે જ જમીન, વરસાદ અને પાણીની ઉપલબ્ધતા પ્રમાણે પાકની પસંદગી કરવી જોઈએ. ઓછા પાણીવાળા વિસ્તારોમાં વધુ પાણી માગતા પાકનું વાવેતર કરવાથી ભૂગર્ભ જળ પર દબાણ વધે છે. તેથી ખેડૂતોમાં આધુનિક સિંચાઈ પદ્ધતિઓ અંગે જાગૃતિ લાવવી જરૂરી છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ પાણીની બચત માટે વિશાળ તક રહેલી છે. કારખાનાઓમાં ઉત્પાદન, સફાઈ અને ઠંડક માટે મોટા પ્રમાણમાં પાણી વપરાય છે. દરેક ઉદ્યોગે પાણીના વપરાશનો નિયમિત હિસાબ રાખવો જોઈએ અને બિનજરૂરી વપરાશ અટકાવવો જોઈએ. વપરાયેલા પાણીને શુધ્ધકરીને ફરી ઉપયોગમાં લેવામાં આવે તો તાજા પાણીની જરૂરિયાત ઘટાડી શકાય છે. શહેરોમાં પણ ગંદા પાણીને શુધ્ધકરીને બાગાયત, બાંધકામ અને ઔદ્યોગિક કામોમાં ઉપયોગમાં લેવાની વ્યવસ્થા વિકસાવવી જોઈએ. નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓએ પાઈપલાઈનમાં થતા લિકેજને અટકાવવા અને પાણીનું યોગ્ય વિતરણ થાય તે માટે સતત દેખરેખ રાખવી જોઈએ. ઘણી વખત પાણીની અછત કરતાં પાણીના વિતરણમાં રહેલી ખામીઓ વધુ સમસ્યા ઊભી કરે છે. જળવ્યવસ્થાપનમાં મહિલાઓની ભૂમિકા પણ અત્યંત મહત્વપૂર્ણ છે. ઘરમાં પાણીનો સંગ્રહ, ઉપયોગ અને બચત કરવાની જવાબદારી મોટાભાગે મહિલાઓ સંભાળે છે. તેથી તેમને માત્ર પાણીના ઉપયોગકર્તા તરીકે નહીં, પરંતુ ગામના જળઆયોજનમાં નિર્ણય લેનાર તરીકે સ્થાન મળવું જોઈએ. વાસ્મો જેવી સંસ્થાઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પાણી સમિતિઓ અને મહિલા ભાગીદારીને પ્રોત્સાહન આપવાના પ્રયાસો થયા છે. આવી સમિતિઓ ગામમાં પાણીનું વિતરણ, પાઈપલાઈનની જાળવણી અને પાણીના બગાડને અટકાવવા માટે મહત્વપૂર્ણ કામગીરી કરી શકે છે. મહિલાઓના અનુભવ અને લોકભાગીદારીથી જળવ્યવસ્થાપન વધુ અસરકારક બની શકે છે. સરકારની યોજનાઓ સાથે જનભાગીદારી પણ એટલી જ જરૂરી છે. દરેક ગામમાં પાણીનું બજેટ તૈયાર થવું જોઈએ. ગામમાં કેટલો વરસાદ પડે છે, કેટલું પાણી સંગ્રહાય છે, કેટલો વપરાશ થાય છે અને કેટલું પાણી બચાવી શકાય છે તેનો હિસાબ રાખવો જોઈએ. શાળાઓમાં બાળકોને જળસંરક્ષણનું શિક્ષણ આપવું જોઈએ અને ગ્રામસભાઓમાં પાણી બચાવવાના મુદ્દે ચર્ચા થવી જોઈએ. વરસાદી પાણીનો સંગ્રહ માત્ર સરકારી યોજનાનો વિષય ન રહે, પરંતુ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી બને તે જરૂરી છે. આખરે જળસુરક્ષાની સાચી કસોટી એ નથી કે આપણે દૂરના વિસ્તારોમાંથી કેટલું પાણી લાવી શકીએ છીએ, પરંતુ આપણી પાસે ઉપલબ્ધ પાણીનો કેટલો સમજદારીપૂર્વક ઉપયોગ કરી શકીએ છીએ તે છે. વરસાદની અનિશ્ચિતતા વચ્ચે માત્ર પુરવઠો વધારવાથી કામ ચાલવાનું નથી. પાણીનો સંગ્રહ, યોગ્ય વિતરણ, કરકસરભર્યો ઉપયોગ અને રિસાયકલ જેવી વ્યવસ્થાઓને એકસાથે અમલમાં મૂકવી પડશે. ઘર, ખેતી, ઉદ્યોગ અને વહીવટી તંત્ર દરેક સ્તરે જળવ્યવસ્થાપનને પ્રાથમિકતા આપવી પડશે. આજે પાણી બચાવવા માટે કરવામાં આવેલા પ્રયાસો આવતી પેઢીના ભવિષ્યને સુરક્ષિત બનાવશે. કારણ કે પાણી વિના જીવન અને વિકાસ બંને શક્ય નથી. તેથી જળસંકટનો કાયમી ઉકેલ માત્ર પાણીની ઉપલબ્ધતામાં નહીં, પરંતુ તેના યોગ્ય વ્યવસ્થાપનમાં રહેલો છે.



પાણીનુ દરેક ટીપું બચાવીએ તો જ ભવિષ્ય સુરક્ષિત રહેશે, વરસાદ ઓછો થાય ત્યારે સમજદારી વધારે કામ આવે છે, નર્મદાથી ગામ સુધી પહોંચેલું પાણી હવે સાચવવાનો સમય છે, ખેતરથી ઘર સુધી પાણીની બચત એક સામૂહિક સંકલ્પ બને, માંગ ઘટાડ્યા વિના પુરવઠો ક્યારેય પૂરતો નહીં થાય, તળાવ ચેકડેમ અને ખેત તલાવડી ગામની સાચી સંપત્તિ છે, પાણીનું બજેટ બનાવીએ તો અછત આપોઆપ ઓછી થશે.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૭૫	૧૮૮૦
ઘઉં લોકવન	૫૮૦	૬૭૨
ઘઉં ટુકડા	૫૮૯	૮૬૦
જુવાર સફેદ	૧૨૩૦	૨૦૫૩
જુવાર લાલ	૧૧૦૦	૧૩૧૫
બાજરી	૫૦૦	૬૦૦
તુવેર	૧૩૦૨	૨૨૦૦
ચણા પીળા	૧૪૪૦	૧૫૪૦
ચણા સફેદ	૧૬૭૦	૨૪૦૦
અડદ	૧૫૦૦	૨૦૪૪
મગ	૧૩૦૦	૧૮૬૦
ચોળી	૧૦૦૧	૧૫૦૦
મઠ	૧૮૨૫	૨૪૪૧
વટાણા	૪૫૦	૯૦૭
કળથી	૭૨૫	૧૬૩૦
રાજમા	૧૮૦૦	૨૪૦૦
સીંગદાણા	૧૮૬૦	૨૧૫૦
મગફળી જાડી	૧૨૩૫	૧૩૨૫
મગફળી જીણી	૧૨૬૫	૧૩૭૧
તલી	૩૦૭૦	૩૫૫૦
એરંડા	૧૪૮૦	૧૫૬૨
અજમો	૧૮૦૦	૩૦૦૦
સુવા	૧૫૦૦	૧૮૫૧
સોયાબીન	૧૩૬૦	૧૫૬૧
સીંગફાડા	૧૬૦૦	૨૦૦૦
કાળા તલ	૨૬૨૫	૪૧૫૫
લસણ	૧૧૭૦	૨૭૦૦
ધાણા	૨૮૦૦	૩૧૫૦
મરચા સુકા	૩૦૦૦	૫૩૦૦
ધાણી	૨૯૫૦	૩૩૪૦
વરીયાળી	૨૪૫૦	૨૮૫૦
જીરૂ	૪૮૦૦	૫૨૫૦
રાય	૧૫૬૦	૧૬૬૦
મેથી	૧૧૬૮	૨૧૮૪
ઇસબગુલ	૧૮૦૦	૨૨૫૧
કલોંજી	૪૬૨૫	૫૨૪૦
રાયડો	૧૪૫૦	૧૭૭૮
રજકાનું બી	૫૦૦૦	૬૩૦૦
ગુવારનું બી	૧૪૦૦	૧૬૪૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૮૧૮	૧૬૩૧
પપૈયા	૧૪૪	૨૮૩
બટેટા	૯૭	૩૧૨
ડુંગળી સુકી	૨૭૫	૭૪૧
ટમેટા	૨૮૭	૫૧૦
સુરણ	૫૧૨	૬૬૩
કોથમરી	૪૭૮	૬૮૩
મૂળા	૩૧૩	૫૧૨
રીંગણા	૧૬૩	૩૬૭
કોબીજ	૨૩	૫૮
ફ્લાવર	૨૧૮	૩૧૪
ભીંડો	૬૧૭	૮૧૩
ગુવાર	૮૨૧	૧૨૫૮
ચોળાસીંગ	૭૭૯	૯૮૨
વાલોળ	૩૭૫	૭૬૦
ટીંડોળા	૧૫૮	૩૧૧
દુધી	૨૧૪	૪૧૫
કારેલા	૨૧૫	૩૬૩
સરગવો	૪૨૧	૭૬૩

તુરીયા	૬૨૨	૮૧૪
પરવર	૫૮૯	૭૯૭
કાકડી	૫૧૮	૮૨૬
ગાજર	૩૧૯	૬૧૦
વટાણા	૮૧૬	૧૨૧૮
તુવેરસીંગ	૪૨૫	૬૪૪
ગલકા	૩૩૧	૬૧૬
બીટ	૧૪૩	૩૮૯
મેથી	૨૪૧	૪૦૧
વાલ	૯૮૮	૧૨૨૫
ડુંગળી લીલી	૩૪૮	૫૧૦
આદુ	૧૦૧૭	૧૪૪૯
મરચા લીલા	૨૯૩	૬૧૧
હળદર લીલી	૪૧૩	૫૯૭
લસણ લીલું	૨૭૭૪	૩૭૮૨
મકાઇ લીલી	૧૯૨	૩૨૯

ગોંડલ

કપાસ	૧૭૦૧	૧૮૬૬
ઘઉં લોકવન	૫૯૮	૬૩૬
ઘઉં ટુકડા	૫૮૦	૭૬૪
સિંગ ફાડીયા	૯૦૦	૨૨૩૧
એરંડા / એરંડી	૧૩૨૬	૧૬૦૧
જીરૂ	૨૦૦૦	૫૩૯૧
ક્લંજી	૨૫૦૦	૫૩૪૧
ધાણા	૨૭૦૧	૩૨૮૧
અડદ	૧૨૭૬	૧૯૩૧
તુવેર	૭૨૬	૧૯૬૧
રાય	૧૨૦૦	૧૮૫૧
મેથી	૫૦૦	૧૭૯૧
કાંગ	૪૭૬	૧૦૪૧
સફેદ ચણા	૧૧૫૧	૨૩૬૧
તલ - તલી	૨૭૦૦	૩૪૪૧
ધાણી	૨૯૫૦	૩૨૧૧
બાજરો	૩૭૧	૫૪૧
ગોગળી	૭૦૦	૧૪૬૧
વટાણા	૩૮૧	૭૩૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૪૪૦
મરચા	૧૦૦	૮૦૦
ગુવાર	૧૦૦	૧૨૦૦
કોબી	૨૦	૧૪૦
દુધી	૮૦	૪૦૦
ફ્લાવર	૨૦	૨૪૦
કાકડી	૨૦૦	૧૧૦૦
રીંગણા	૬૦	૪૬૦
ભીંડો	૩૦૦	૧૦૦૦
ગલકા	૨૦૦	૭૦૦
ગાજર	૧૮૦	૮૦૦
ટિંડોરા	૧૦૦	૪૦૦
તુવેર	૩૦૦	૮૦૦
વાલ	૬૦૦	૧૨૦૦
વટાણા	૯૮૦	૧૪૦૦
કેરી કાચી	૧૬૦૦	૩૦૦૦
બટેટા	૧૦૦	૨૬૦
અંબાળા	૬૦૦	૮૦૦
લીલી હળદર	૩૦૦	૮૦૦

ડુંગળી પુરા	૧૦	૨૫
તાંજરીયા પુરા	૧	૬
કોથમીર પુરા	૨	૬
મૂળા પુરા	૫	૧૨
ફોદીનો પુરા	૨	૫
કાચા કેળા	૨૦૦	૪૦૦
પચકારુ	૨૪૦	૪૦૦
ચૂરણ	૬૦૦	૯૦૦
અળવીપાન	૫	૧૦
પરવર	૮૦૦	૯૦૦
ઘીસોડા	૪૦૦	૧૨૦૦
લીંબુ	૨૦૦	૧૮૦૦
મેથી પુરા	૧	૧૦
બીટ પુરા	૫	૨૦
સરગવો પુરા	૮	૩૦
ચોરા	૨૦૦	૮૦૦
કારેલા	૧૦૦	૫૦૦
વાલોર	૨૦૦	૬૦૦
કાચા પોપૈયા	૧૦૦	૩૦૦
આદુ	૧૦૦૦	૧૪૦૦
ફણશી	૬૦૦	૭૦૦
મકાઈ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૧૦	૩૦
પાલક પુરા	૧	૩

અમરેલી

શિંગ મઠડી	૧૪૨૦	૧૪૯૫
શિંગ ગીરનાર	૧૧૯૫	૧૫૫૫
શિંગ મોટી	૧૨૦૦	૧૬૭૫
શિંગદાણા ફાડા	૧૫૦૦	૧૯૨૫
તલ સફેદ	૨૭૦૦	૩૯૮૦
તલ કાળા	૨૬૦૦	૪૧૦૦
તલ કાશમીરી	૨૯૦૦	૩૨૯૫
બાજરો	૪૦૦	૬૨૫
જુવાર	૫૯૫	૧૮૦૫
ઘઉં ટુકડા	૫૪૦	૬૭૫
ઘઉં લોકવન	૫૭૦	૬૭૦
મકાઈ	૬૪૦	૬૬૫
મગ	૮૮૦	૧૪૨૦
અડદ	૧૫૯૦	૧૭૯૫
ચણા	૧૦૨૦	૧૫૬૦
સફેદ ચણા	૧૩૨૦	૧૪૨૦
કપાસ	૧૦૯૦	૧૯૦૦
જીરૂ	૨૧૦૦	૫૧૧૦
ઘાણી	૨૧૧૦	૩૨૯૦
મેથી	૧૧૫૦	૧૪૦૦
સોયાબીન	૧૦૭૦	૧૫૩૦
રજકાનું બી	૨૫૦૦	૯૦૧૦
મરચા લાંબા	૨૨૫૦	૫૦૮૦
વરીયાળી	૨૪૦૦	૨૪૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૪૦	૨૯૦
રીંગણા	૨૨૦	૪૨૦
ફ્લાવર	૧૫૦	૨૦૦
કોબીજ	૧૦૦	૧૫૦
શકકરીયા	૮૦૦	૯૮૦
ટમેટાં	૩૫૦	૪૦૦
સુરણ	૯૨૦	૧૦૫૦
ગાજર	૭૦૦	૧૦૦૦
દુધી	૩૨૦	૫૦૦
કારેલા	૪૦૦	૫૨૦

ગલકા	૫૩૦	૬૩૦
મૂળા	૨૦૦	૩૨૦
કાકડી	૫૩૦	૭૦૦
ગુવાર	૫૧૦	૮૨૦
વાલોળ	૩૦૦	૪૦૦
વટાણા	૧૨૦૦	૧૩૦૦
ચોળા લીલા	૫૦૦	૮૩૦
તુરીયા	૭૯૦	૧૦૨૦
વાલ	૧૧૦૦	૧૨૦૦
લીલી તુવેર	૬૦૦	૮૦૦
ભીંડો	૬૩૦	૮૦૦
હળદર લીલી	૭૦૦	૮૦૦
આદુ	૧૧૦૦	૧૨૦૦
કોથમીર	૮૦૦	૧૦૦૦
મેથીભાજી	૩૦૦	૪૦૦
ફોદીનો	૭૦૦	૮૫૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૫૦૦	૬૫૦
ચીભડા	૬૫૦	૮૫૦
સરગવો	૪૦૦	૬૦૦
લીમડો મીઠો	૧૫૦	૧૯૦
મરચા લીલા	૩૦૦	૭૦૦
મરચા લાલ	૪૦૦	૧૦૦૦
ડુંગળી લીલી	૪૨૦	૫૩૦
ડુંગળી સુકી	૫૦૦	૭૬૦
લસણ લીલું	૫૦૦૦	૬૦૦૦
લસણ સૂકું	૧૬૦૦	૨૫૦૦
પાલક	૫૫૦	૬૩૦
લીંબુ	૯૫૦	૧૨૦૦
મકાઈ	૨૬૦	૩૬૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૫૦	૧૬૫૦
શીંગ મોટી	૧૩૬૦	૧૭૩૦
તલ સફેદ	૨૭૦૦	૩૬૫૫
તલ કાળા	૩૨૯૦	૪૦૫૦
જીરૂ	૫૩૦૦	૫૪૦૦
કપાસ	૧૮૦૦	૧૮૮૫
ઘઉં લોકવન	૫૬૦	૬૧૨
ઘઉં ટુકડા	૫૮૫	૬૫૧
બાજરો	૪૦૦	૫૮૦
જુવાર	૧૦૦૦	૧૬૬૦
અડદ	૧૬૦૦	૧૯૦૮
ચણા	૧૨૫૦	૧૪૯૦
દેશી ચણા	૧૨૦૦	૧૪૨૧
મેથી	૧૧૦૦	૧૩૦૦
ધાણા	૩૦૦૦	૩૩૦૦
સોયાબીન	૧૩૫૦	૧૪૫૨

ધારી

કપાસ A	૧૭૭૬	૧૮૮૬
મગફળી	૧૧૦૦	૧૫૧૧
ઘઉં	૫૯૫	૬૦૬
ચણા	૧૩૦૦	૧૪૭૨
તુવેર	૧૩૦૦	૧૮૦૧
ધાણા	૩૦૦૦	૩૦૦૦
તલ સફેદ	૩૩૦૦	૩૩૦૦
તલ કાળા	૩૭૦૦	૩૭૦૦
અડદ	૧૭૫૦	૧૭૫૦
કલોંજી	૩૫૦૦	૪૭૦૦
શીંગદાણા	૧૭૨૫	૧૭૨૫
સોયાબીન	૧૪૪૫	૧૪૭૪

બગસરા

કપાસ	૧૭૩૦	૧૯૧૦
ઘઉં લોકવન	૫૬૫	૬૦૩
ઘઉં ટુકડા	૫૯૦	૬૦૦
મગફળી	૧૦૩૫	૧૩૬૦
ચણા	૧૩૦૦	૧૪૩૩
સોયાબીન	૧૩૦૦	૧૫૦૧
રાયડા	૧૧૫૦	૧૧૫૦
લસણ	૧૪૦૦	૧૮૬૦
ચણા સફેદ	૧૨૩૦	૧૨૩૦
ધાણા	૨૯૦૦	૩૨૦૦
તલ સફેદ	૨૬૦૦	૩૫૨૦
જીરૂ	૩૩૦૦	૩૩૦૦
શીંગદાણા	૧૬૦૦	૧૬૦૦
તલ કાળા	૩૬૫૦	૩૬૫૦
વાલ	૯૦૦	૯૦૦

બાબરા

કપાસ	૧૮૬૦	૧૯૩૦
કપાસ મીડીયમ	૧૭૧૦	૧૮૪૦
મગફળી	૧૪૪૦	૧૫૭૫
તલ સફેદ	૩૧૪૦	૩૩૮૦
તલ કાળા	૩૭૩૦	૩૯૨૦
જીરૂ	૪૮૭૦	૫૪૧૧
ચણા	૧૪૩૦	૧૫૦૧
ઘઉં	૫૨૧	૬૦૧
અડદ	૧૭૧૦	૧૮૪૦
સોયાબીન	૧૫૦૧	૧૫૧૭

**

ભાદર-૧ ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવાની ધોરાજી પંથકના ખેડૂતોની માંગ

શિયાળુ પાક બચાવવા ખેડૂતોની મુશ્કેલી વધી; ડેમમાં માત્ર ૯૪૬ એમસીએફટી પાણીનો જથ્થો ઉપલબ્ધ

ધોરાજી,તા.૧૯


તસવીર : નયન કુહાડીયા

રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં ઓછા વરસાદને કારણે કૂવા, બોર અને ચેકડેમના જળસ્તર નીચે ઉતરી જતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. ચોમાસામાં કપાસ, મગફળી અને સોયાબીનના પાકને નુકસાન થયા બાદ હવે શિયાળુ પાક બચાવવાની ચિંતા સતાવી રહી છે. ઘઉં અને ચણાનું વાવેતર કરનારા ખેડૂતોને પિયત માટે પાણી મળતું નથી. જેથી ભાદર-૧ ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવાની માંગ ઉઠી છે. જોકે, ડેમની કુલ ક્ષમતા ૬૬૪૭ એમસીએફટી સામે હાલ માત્ર ૯૪૬ એમસીએફટી પાણી ઉપલબ્ધ છે. જેતપુર સહિતના વિસ્તારોમાં પીવાના પાણીની જરૂરિયાતને કારણે સિંચાઈ માટે પાણી છોડવું મુશ્કેલ હોવાનું સમિતિના સભ્ય જણાવી રહ્યા છે. ખેડૂતો દ્વારા સૌની યોજના હેઠળ ડેમમાં પાણી ઠાલવવા સરકાર સમક્ષ માંગ કરવામાં આવી છે.

રાજુલામાં કેબલ વાયર ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલાયો, દંપતી ઝડપાયું

પોલીસે મોટરસાઇકલ સહિત રૂ. ૧૩,૩૨૦નો મુદ્દામાલ કબજે કર્યો

રાજુલા,તા.૧૯



રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેબલ વાયર ચોરીના બે અનડીટેક્ટ ગુનાનો ભેદ ઉકેલી પોલીસે એક પુરુષ અને એક મહિલાની ધરપકડ કરી છે. પોલીસ ટીમે ચોક્કસ બાતમી અને માનવ સૂત્રોની મદદથી મોટા આગરીયાની સીમમાંથી બંનેને ઝડપી પાડ્યાં હતાં. પકડાયેલા આરોપીઓમાં રાજુભાઈ રાયાભાઈ બારૈયા (ઉં.વ.૩૦) અને નીતાબેન રાજુભાઈ બારૈયા (ઉં.વ.૨૮)નો સમાવેશ થાય છે. બંને મોટા આગરીયા ગામના રહેવાસી છે. પોલીસએ તેમની પાસેથી ૩૩ મીટર કેબલ વાયર, બજાજ સીટી-૧૦૦ મોટરસાઇકલ અને એક દાતરડું મળી કુલ રૂ.૧૩,૩૨૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસ દ્વારા બંને સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ઉપરોક્ત બંને આરોપી રાત્રીના સમયે રોડ નજીકની વાડીઓમાં ચોરી કરતા હતા.

સુખપુર ગામે ફોરેસ્ટર પર હુમલો કરનાર આરોપીને ધારી પોલીસે ઝડપી પાડ્યો

ધારી,તા.૧૯



ધારી તાલુકાના સુખપુર ગામે ફોરેસ્ટર પર હુમલો કરી ગાળાગાળી કરવા તેમજ મોબાઈલ ફોન તોડી નાખવાના બનાવમાં સંડોવાયેલા આરોપીને ધારી પોલીસે ઝડપી પાડ્યો છે. આ અંગે ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાયા બાદ પી. આઈ. કે.બી. જાડેજાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ પોલીસ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસ દ્વારા હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સની મદદથી તપાસ હાથ ધરી આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીને કોર્ટમાં રજૂ કરી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ જેલહવાલે કરવામાં આવ્યો હતો. ધારી પોલીસની આ કામગીરીથી અસામાજિક તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે.

કોડીનારમાં આયોજિત CATC-515 કેમ્પમાં ગ્રુપ કમાન્ડરે ૩૦૦થી વધુ કેડેટ્સને માર્ગદર્શન આપ્યું

કોડીનાર,તા.૧૯



ગુજરાત નેવલ યુનિટ (7NU) NCC, વેરાવળના નેજા હેઠળ સોમનાથ ઈન્ટરનેશનલ સ્કૂલ, કોડીનાર ખાતેના ૧૦ દિવસીય કમ્બાઈન્ડ એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ (CATC-515)ની ગ્રુપ કમાન્ડરે મુલાકાત લીધી હતી. આ દરમિયાન ગ્રુપ કમાન્ડરે કેડેટ્સ, એસોસિયેટ NCC ઓફિસર્સ (ANOs), કેર ટેકર ઓફિસર્સ (CTOs) અને પરમેનન્ટ ઈન્સ્ટ્રક્શનલ (PI) સ્ટાફ સાથે વિસ્તૃત સંવાદ કર્યો હતો. તા. ૧૨ નવેમ્બરથી ૨૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલા આ કેમ્પમાં ૩૦૦થી વધુ કેડેટ્સ નિવાસી તાલીમ મેળવી રહ્યા છે, જેના કારણે સમગ્ર પરિસરમાં શિસ્ત અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ગ્રુપ કમાન્ડરે કેમ્પની કઠિન તાલીમ પ્રવૃત્તિઓમાં તમામ લોકો દ્વારા દર્શાવવામાં આવેલા ઉત્સાહની પ્રશંસા કરી હતી. તેમણે કેમ્પની તમામ પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા પ્રેરણા આપી હતી અને આગામી વર્ષે યોજાનાર પ્રતિષ્ઠિત 'નૌ સૈનિક કેમ્પ' (NSC) માં પસંદગી પામવા માટે સખત મહેનત કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

અમરેલીમાં નવનિયુક્ત વિદ્યાસહાયકોની સ્થળ પસંદગીના સ્થળમાં ફેરફાર

અમરેલી, તા. ૧૯

વિદ્યા સહાયક ભરતી વર્ષ ૨૦૨૬ અંતર્ગત ધોરણ ૧થી ૫ ગુજરાતી માધ્યમના નવનિયુક્ત વિદ્યાસહાયકોની સ્થળ પસંદગીના સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ આ પ્રક્રિયા અમરેલીના બી.આર.સી. ભવન ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે સ્થળ બદલવામાં આવ્યું છે. હવે સ્થળ પસંદગીની પ્રક્રિયા કે.કે. પારેખ અને આર.પી. મહેતા વિદ્યાલયના લીલાવતી બિલ્ડિંગ, નાની નુતન, બસ સ્ટેન્ડની બાજુમાં અમરેલી ખાતે યોજાશે. આથી તમામ સંબંધિત ઉમેદવારોએ નવા સ્થળની ખાસ નોંધ લેવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે.

કોડીનાર પંથકનાં જળાશયોમાં વિદેશી યાયાવર પક્ષીઓનું આગમનઃ પક્ષી અભ્યારણ વિકસાવવાની માંગ

કોડીનાર,તા.૧૯


તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર પંથક કુદરતી સૌંદર્ય અને દરિયાઈ વિસ્તારની આગવી ઓળખ ધરાવે છે. શિયાળાની શરૂઆત થતાં જ અહીંના દરિયાકાંઠા અને જળાશયો વિદેશી યાયાવર પક્ષીઓના કલરવથી ગુંજી ઊઠ્યા છે.

ખાસ કરીને સોડવ અને બરડા બંધારા સહિતના જળાશયો હાલ વિદેશી પક્ષીઓ માટે મનપસંદ આશ્રયસ્થાન બન્યા છે. લાખોની સંખ્યામાં વિદેશી પક્ષીઓનું આગમન થતાં સ્થાનિક પક્ષીપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સાઇબેરિયા, મધ્ય યુરોપ, મંગોલિયા સહિતના ઠંડા પ્રદેશોમાંથી હજારો કિલોમીટરનું અંતર કાપીને યાયાવર પક્ષીઓ પંથકમાં આવી પહોંચ્યાં છે. આ પક્ષીઓ અહીં અનુકૂળ વાતાવરણમાં અંદાજે ચાર મહિના સુધી રોકાણ કરી શિયાળો વિતાવે છે. સોડવ અને બરડા બંધારા ખાતે વહેલી સવારથી જ પક્ષીઓના કલરવ અને પાણીમાં વિહરતાં પક્ષીઓનાં ટોળાં મનમોહક દૃશ્યો સર્જી રહ્યાં છે.

કોડીનાર પંથકમાં આવેલા જળાશયોમાં પેલિકન, ફ્લેમિંગો, કુંજ, કોમન ક્રેન અને સોવલર સહિતની વિવિધ પ્રજાતિઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે.

કોડીનારમાં સર્વ સમાજ સિધ્ધિ સન્માન સમારોહ યોજાયો, ૩૩૭ પ્રતિભાશાળી યુવાનોનું સન્માન

કોડીનાર, તા. ૧૯



કોડીનારના સ્વામી વિવેકાનંદ પાર્ક ખાતે સર્વ સમાજ સિધ્ધિ સન્માન સમિતિ અને K.R.V.T. ટ્રેનિંગ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ભવ્ય સર્વ સમાજ સિધ્ધિ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા અને સિધ્ધિથી આગવી ઓળખ ઊભી કરનાર ૩૩૭ યુવાનોને પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમણે જીવનમાં લક્ષ્ય નક્કી કરી સતત મહેનત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. સાંસદ રાજેશ ચુડાસમાએ યુવાનોને મોબાઈલનો વધુ પડતો ઉપયોગ ટાળીને રમતગમત અને મેદાની પ્રવૃત્તિઓ તરફ વળવા અપીલ કરી હતી. પૂર્વ મંત્રી જશા બારડ અને પૂર્વ સાંસદ દીનુ સોલંકીએ પણ પ્રતિભાશાળી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ૨૫૦૦થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉનામાં લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી

ઉના,તા.૧૯



ઉનામાં રઘુવંશી સમાજના આરાધ્ય દેવ સંતશ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ જલારામ મંદિરે દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઊમટી પડી હતી અને બપોરે હજારો ભાવિકોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. સાંજે મંદિરેથી ઢોલ-નગારાં અને ભજન-કીર્તન સાથે ભવ્ય પાલખીયાત્રા નીકળી હતી. શહેરના વિવિધ રાજમાર્ગો પર પાલખીયાત્રાનું ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ યાત્રા ટાવર ચોક ખાતે પહોંચતાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે પાલખી પર પુષ્પવર્ષા કરી હતી. આ પ્રસંગે દીપાબેન બાંભણીયા, મનોજભાઈ બાંભણીયા, જિલ્લા પંચાયતના સભ્યો હરિભાઈ સોલંકી, અલ્પેશભાઈ બાંભણીયા અને શૈલેષભાઈ ગૌસ્વામી સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહી પાલખીનાં દર્શન કરી ભવ્ય સ્વાગત કર્યું હતું.

જુનિયર સ્ટેટ જુડો ચેમ્પિયનશિપમાં કોડીનારની એકેડમીના ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન



કોડીનાર,તા.૧૯

કોડીનારસ્થિત સોમનાથ એકેડમીના સાત વિદ્યાર્થીઓએ ગુજરાત જુડો એસોસિએશન દ્વારા આયોજિત સબ જુનિયર સ્ટેટ જુડો ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું આયોજન તા. ૧૪ અને ૧૫ નવેમ્બરે અમદાવાદ ખાતે વિજય ભારત સ્પોર્ટ્સ એકેડમીમાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સોમનાથ એકેડમીના સાત ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. જેમાં ૧. બામણીયા જય – ૨૫ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ, ૨. મકવાણા કેવલ–૪૦ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ, ૩. સોલંકી હર્ષિતા–૫૨ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ, ૪. મજગુલ અલજીના–૫૭ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ, ૫. મોકરીયા હેતલ +૫૭ કિગ્રા વજન વર્ગ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ તમામ ખેલાડીઓની સફળતા બદલ એકેડમીના ટ્રસ્ટી કરસનભાઈ સોલંકી, કેમ્પસ મેનેજર સંજયભાઈ સોલંકી, ડી.એલ.એસ.એસ મેનેજર રણજિતભાઈ દાહીમા, કોચ હિતેશભાઈ બારડ, ટ્રેનર તન્વી બારડ તથા સમસ્ત સ્ટાફ અને સમગ્ર શાળા પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

હેલ્પર જોઈએ છે.

મશીન વિભાગમાં રાત્રીના કામ કરી શકે તેવા ઉત્સાહી અને મહેનતું હેલ્પરની જરૂર છે.

-:: સંપર્ક ::-
મો. ૯૮૭૯૩ ૭૪૬૦૧

:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર હરેશ.કે. કોટડીયા (બી.એ.એલ.એલ.બી.એડવોકેટ) સરનામુ - મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું લાઠી તા. લાઠી જી. અમરેલી ના અમો અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે ગામ અડતાળા ના રેવન્યુ સર્વે નં. ૨૭૫ (જુનો રે.સ.નં. ૧૩૦ / પૈકી ૧) ની ખેતીની જમીન કે જે જુની શરતની જરાયત પ્રકારની દેવળીયાના મારગે આવેલ ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૦-૬૭-૫૬ તથા રેવન્યુ સર્વે નં. ૨૭૬ (જુનો રે.સ.નં. ૧૨૯ / પૈકી ૧) ની ખેતીની જમીન કે જુની શરતની જરાયત પ્રકારની દેવળીયાના મારગે આવેલ ખેડવાણ જમીન હે.આરે. ચો.મી. ૦-૮૪-૩૩ જેના ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૧૧૨૩ થી અમો શ્રી કુંભાર અતુલ ગોરધનની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત સર્વે નંબરવાળી કુલ જમીન હે.આરે. ચો.મી. ૧-૫૧-૮૯ બરાબર તેના ઉપરોકત માલીક પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવતા હોય સદરહું ખેડવાણ જમીન કે આ વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક હિત, હિસ્સો, દરદાવો, વરસાઈ હકક કે ભરણ પોષણનો હકક કે અન્ય કોઈ હકક હોય કે કોઈ સરકારી અર્ધ સરકારી કે કોઈપણ બેંક અથવા પેઢી, મંડળી કે અન્ય કોઈપણ પ્રકારનુ લેણું, કરજ, બોજો કે જામીનગીરી હોય કે કોઈને આ વેચાણ પરત્વે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-આંઠ (૮) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવ્યા પ્રમાણે સરનામે આધાર પુરાવા સહિત વાંધા રજુ કરવા અથવા તો દસ્તાવેજ પુરાવા સાથે વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, દર દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજીને અમારા અસીલ ચુકતે અવેજ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી કબ્જો ભોગવટો સંભાળી લેશે સદરહું ખેતીની જમીન ખરીદ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની તમામે નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી.....

સ્થળ :- લાઠી
તારીખ :- ૧૯/૧૧/૨૦૨૬

હરેશ કે. કોટડીયા (એડવોકેટ)
૯૮૭૫૦ ૬૨૦૮૮
મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે,
મું. લાઠી તા. લાઠી જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૧૮૦ / ૨૦૨૬
મુદત તારીખ - ૦૫/૧૧/૨૦૨૬

અરજદાર :- સવીબેન ડો/ઓ હાનાભાઈ વાળા વા/ઓ ભીખાભાઈ જાદવ
રહે. સરખડી,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી- પી. ટી. વાજા,

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી, સરખડી,ગ્રામ પંચાયત કચેરી
મું-સરખડી,,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર સવીબેન ડો/ઓ હાનાભાઈ વાળા વા/ઓ ભીખાભાઈ જાદવ, રહે. સરખડી,તા. કોડીનાર,જી.ગીરસોમનાથ વાળાએ તેમના બેન દેવીબેન ડો/ઓ હાનાભાઈ વાળા નો જન્મ તા.૦૧ /૦૬/૧૯૭૮ ના રોજ -સરખડી,તા. કોડીનાર, જી.ગીર સોમનાથ મુકામે થયેલ છે. જે બાબતની અરજી દાખલ કરી જન્મ અંગેનુ પ્રમાણપત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ ૦૫/૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૯/૧૦ / ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે.એચ.બારડ) ઇન્ચા. (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

કોડીનાર ના મહે. એડીશનલ ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મું- કોડીનાર જી-ગીરસોમનાથ.

ફો.પ.અ.નં.- ૧૮૮ / ૨૦૨૬
મુદત તારીખ - ૧૬ / ૧૧/૨૦૨૬

અરજદાર :- મુળાભાઈ ગોવિદભાઈ વાઢેળ
રહે. નાની ફાફણી,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ
-વિધ્વાન વકીલ શ્રી-પી.ટી. વાજા,

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રી શ્રી, વેળવા ગ્રામ પંચાયત કચેરી વિગેરે – ૧
મું-વેળવા,તા. કોડીનાર, જી.ગીરસોમનાથ

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદાર મુળાભાઈ ગોવિદભાઈ વાઢેળ,રહે. વેળવા,તા. કોડીનાર,જી.ગીરસોમનાથ વાળાએ તેમના પુત્રી વર્ષાબેન ડો/ઓ મુળાભાઈ વાઢેળ વા/ઓ બીપીનભાઈ ડાયાભાઈ સોસા નુ મરણ તા.૦૭/૦૧/૨૦૦૮ ના રોજ વેળવા, તા. કોડીનાર, જી. ગીર સોમનાથ મુકામે થયેલ છે . જે બાબત ની અરજી દાખલ કરી મરણ અંગેનુ પ્રમાણ પત્ર મેળવવા અત્રેની અદાલતમાં અરજી દાખલ કરેલ હોય જે બાબતે કોઈને વાંધા તકરાર હોય તો મુદત તારીખ - ૧૬ / ૧૧/૨૦૨૬ ના કલાક ૧૦-૩૦ કલાકે કોડીનાર કોર્ટમાં બિનચુક હાજર રહેશો તેમ કરવામાં કસુર કરશો તો આગળની યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૯/૧૦/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યા.

તૈયાર કરનાર સહી (એ.આર.ચૌહાણ) (આસીસ્ટન્ટ) | મુકાબલ કરનાર સહી (એ.જી.ચૌહાણ) (સુપ્રિટેન્ડેન્ટ) | કોર્ટનો સિક્કો | હુકમથી સહી (કે.એચ.બારડ) ઇન્ચા. (રજીસ્ટ્રાર) એડી.ચિફ.જયુડી.મેજી.કોર્ટ, કોડીનાર

નિર્ણય: પીએફ ખાતાધારકો હવે ૯૦ ટકા સુધીની રકમ ઉપાડી શકશે


નવી દિલ્હી, તા. ૧૯



કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઈપીએફઓ)ના બોર્ડે પીએફ ખાતાધારકોને મોટી રાહત આપતો નિર્ણય કર્યો છે. નવા નિર્ણય મુજબ હવે પીએફ ખાતામાં અગાઉની જેમ ઓછામાં ઓછા ૨૫ ટકા નાણાં જાળવી રાખવાની જગ્યાએ માત્ર ૧૦ ટકા રકમ જાળવી રાખવી પડશે. એટલે કે ખાતાધારકો પોતાના પીએફ બેલેન્સમાંથી ૯૦ ટકા સુધીની રકમ જરૂરિયાત મુજબ ઉપાડી શકશે. જોકે, આ માટે લાગુ પડતા નિયમો અને શરતોનું પાલન કરવું પડશે.અગાઉ પીએફ ખાતામાં ૧૦ લાખ રૂપિયા જમા હોય તો ૨.૫ લાખ રૂપિયા ખાતામાં જાળવી રાખવા પડતા હતા. નવા નિર્ણય મુજબ હવે માત્ર એક લાખ રૂપિયા જાળવી રાખવાના રહેશે અને બાકીના નવ લાખ રૂપિયા જરૂરિયાત મુજબ ઉપાડી શકાશે. આ નિર્ણયથી કર્મચારીઓને પોતાના જમા નાણાંનો મોટો હિસ્સો ઉપયોગમાં લેવાની સુવિધા મળશે.આ ઉપરાંત નિવૃત્તિ બાદ પીએફની સંપૂર્ણ રકમ એકસાથે ઉપાડવાને બદલે હપ્તામાં નાણાં મેળવવાની વ્યવસ્થાને પણ મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ નિવૃત્ત કર્મચારીઓ પોતાની જરૂરિયાત મુજબ સમયાંતરે નાણાં ઉપાડી શકશે. જ્યારે બાકીની રકમ પીએફ ખાતામાં જમા રહેશે અને તેના પર નિયમ મુજબ વ્યાજ મળતું રહેશે. આ વ્યવસ્થાથી નિવૃત્ત કર્મચારીઓને નિયમિત આવક મેળવવામાં મદદ મળશે અને બચત પણ જાળવી શકાશે.

બિહારમાં સમારોહમાંથી પરત ફરતી સ્કોર્પિયો નહેરમાં ખાબકી: છનાં મોત

પટણા, તા.૧૯



બિહારના અરરિયા જિલ્લામાં મોડી રાત્રે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. તારાબારી પોલીસ સ્ટેશન વિસ્તારના બીડી પુલ પાસે તિલક સમારોહમાંથી પરત ફરી રહેલી સ્કોર્પિયો કાર ચાલકે કાબૂ ગુમાવતાં પુલની રેલિંગ તોડીને મારિયા નહેરમાં ખાબકી હતી. કારમાં સાત લોકો સવાર હતા, જેમાંથી છનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. તમામ લોકો સુપૌલ જિલ્લાના થુમ્હા ગામના રહેવાસી હતા અને સિક્ટીના ભાપટિયાથી તિલક સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસની મદદથી બચાવ કામગીરી હાથ ધરી હતી. દોરડાંની મદદથી કારને સ્થિર કર્યા બાદ જેસીબી વડે તેને નહેરમાંથી બહાર કાઢવામાં આવી હતી. ત્યારબાદ કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ કુંદન યાદવ (૨૮), મુન્ના કુમાર (૨૨), આદિત્ય (૨૦), યશ કુમાર (૧૬), આર્યન (૧૫) અને સૌરભ (૧૫) તરીકે થઈ છે. મૃતકોમાં ચાર સગીરોનો સમાવેશ થાય છે. એક બચી ગયેલી વ્યક્તિની સારવાર ચાલી રહી છે.

હત્યાના કેસનો વોન્ટેડ આરોપી યુએઈથી ભારત લવાયો, સીબીઆઈ-ઈન્ટરપોલની મદદથી ધરપકડ

નવી દિલ્હી, તા.૧૯

સીબીઆઈએ કેરળ પોલીસના હત્યાના કેસમાં વોન્ટેડ આરોપી રાઘેશ ઉન્નીકોચનને યુએઈથી ભારત પરત લાવવામાં સફળતા મેળવી છે. આરોપી ૨૦૧૯થી ફરાર હતો અને તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. ઈન્ટરપોલની મદદથી તેનું લોકેશન યુએઈમાં મળતાં ત્યાંની એજન્સીઓએ તેની ધરપકડ કરી હતી. કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૮ નવેમ્બરે કેરળ પોલીસની ટીમ તેને તિરુવનંતપુરમ લાવી હતી. સીબીઆઈના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં ઈન્ટરપોલની મદદથી ૨૮૧થી વધુ ભાગેડુઓને ભારત પરત લાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ૭૩ આરોપીઓને પરત લાવવામાં આવ્યા છે. આ કાર્યવાહી આંતરરાષ્ટ્રીય સ્તરે ફરાર આરોપીઓને પકડવાની દિશામાં મહત્વપૂર્ણ છે.

ચૂંટણી પંચના અધિકારીઓ દબાણથી કંટાળ્યા હોવાનો રાહુલ ગાંધીનો દાવો, વિપક્ષ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે

નવી દિલ્હી, તા.૧૯



અમેરિકાના પ્રવાસે ગયેલા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શિકાગો યુનિવર્સિટીમાં સંબોધન દરમિયાન ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓ દબાણથી કંટાળી ગયા છે અને વિપક્ષને આંતરિક માહિતી આપી રહ્યા છે. રાજકીય વિજ્ઞાનના પ્રોફેસર રોબર્ટ પેપ સાથેની ચર્ચામાં તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીમાં ગેરરીતિઓના આક્ષેપો છતાં વિપક્ષ ચૂંટણીનો બહિષ્કાર નહીં કરે. તેમના મતે, ચૂંટણીથી દૂર રહેવાથી લોકશાહીનું માળખું નબળું પડશે. રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રક્રિયા અંગેના આક્ષેપો જનતા સમક્ષ રજૂ કરવાની રણનીતિ હોવાનું જણાવ્યું હતું. અગાઉ પણ તેમણે મતચોરીના આક્ષેપો કર્યા હતા, જેને લઈને ભાજપે વળતો પ્રહાર કર્યો હતો. જોકે, ચૂંટણી પંચના અધિકારીઓ અંગેના તેમના દાવા અંગે સ્વતંત્ર પુષ્ટિ આપવામાં આવી નથી.

ટીપુ સુલતાનની પ્રતિમા પર કોંગી ધારાસભ્યએ ફુલ ચડાવતા વિવાદ

મુંબઈ, તા.૧૯

મહારાષ્ટ્રના લાતુરમાં ટીપુ સુલતાનની જન્મજયંતિના કાર્યક્રમમાં કોંગ્રેસના ધારાસભ્ય અમિત દેશમુખે હાજરી આપી તેમના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરતાં રાજકીય વિવાદ સર્જાયો છે. ભાજપે દેશમુખની હાજરી સામે વાંધો ઉઠાવી કોંગ્રેસ પર તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપના ધારાસભ્ય શ્રીકાંત ભારતીયે ટીપુ સુલતાનને દેશના આદર્શ ગણવા સામે સવાલ ઉઠાવ્યા હતા. પૂર્વ મંત્રી સુધીર મુનગંટીવારે પણ કોંગ્રેસની ટીકા કરી હતી. બીજી તરફ, એનસીપી (શરદચંદ્ર પવાર)ના પ્રવક્તા મહેબૂબ શેખે દેશમુખનો બચાવ કરતાં જણાવ્યું હતું કે ટીપુ સુલતાન અંગ્રેજો સામે લડ્યા હતા અને મંદિરોને પણ સહાય કરી હતી. જમિયત ઉલેમા-એ-મહારાષ્ટ્રના પ્રમુખ મૌલાના સિરાજ ખાને પણ દેશમુખના સમર્થનમાં નિવેદન આપ્યું હતું.

મહારાષ્ટ્રમાં નવા નિયમો લાગુ : ૮ કલાકથી વધુ કામ બદલ ઓવરટાઈમ, પગારમાંથી ૫૦ ટકાથી વધુ કપાત નહીં

મુંબઈ, તા.૧૯



મહારાષ્ટ્ર સરકારે કર્મચારીઓના હિતમાં નવા વેતન નિયમો, ૨૦૨૬ અમલમાં મૂક્યા છે. ૫ નવેમ્બરથી લાગુ થયેલા આ નિયમો હેઠળ સામાન્ય કામકાજનો સમય દરરોજ ૮ કલાક અને સાપ્તાહિક ૪૮ કલાક નક્કી કરવામાં આવ્યો છે. વધારાના કામ માટે કાયદાકીય જોગવાઈ મુજબ ઓવરટાઈમ ચૂકવવો પડશે. રજાના દિવસે કામ કરાવવાના કિસ્સામાં સામાન્ય વેતન કરતાં બમણું વેતન આપવું પડશે. કર્મચારીના એક પગારગાળામાં કુલ પગારમાંથી ૫૦ ટકાથી વધુ કપાત કરી શકાશે નહીં. કપાત કરતાં પહેલાં કર્મચારીને ખુલાસો કરવાની તક આપવી ફરજિયાત રહેશે. આ ઉપરાંત, મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વખત સુધારો કરાશે. નોકરીદાતાઓએ પગાર, હાજરી અને ઓવરટાઈમના રેકોર્ડ પાંચ વર્ષ સુધી જાળવવા પડશે. દરેક કર્મચારીને પગાર ચૂકવણીના દિવસે અથવા તે પહેલાં પગારપત્રક આપવું પણ ફરજિયાત બનાવાયું છે.

કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં પીએમ મોદીએ ડ્રગ્સના વધતા દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી, તા.૧૯



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગરીબી નાબૂદી, નક્સલવાદના અંત અને ડ્રગ્સની સમસ્યા સહિતના મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. વડાપ્રધાને ડ્રગ્સના વધતા દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી યુવાનોને જોડીને વ્યાપક જાગૃતિ અભિયાન ચલાવવા અને ડ્રગ્સની સમસ્યાને સંપૂર્ણપણે નાબૂદ કરવા ભાર મૂક્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં ૫૦ કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવા તથા નક્સલવાદી ખતરાને દૂર કરવા સરકાર દ્વારા હાથ ધરાયેલા પ્રયાસોની સમીક્ષા કરવામાં આવી હતી. વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોના ૧૧ સચિવોએ રજૂઆતો કરી હતી. વિશ્વ બેંકના અહેવાલનો ઉલ્લેખ કરીને ગરીબી ઘટાડવાના પ્રયાસોની પણ ચર્ચા થઈ હતી. આ ઉપરાંત મહિલાઓ અને યુવાનોના કલ્યાણ, સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોંચાડવા અને સુશાસનના મુદ્દાઓ પર પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.

શેરબજારમાં જોરદાર ઉછાળો : સેન્સેક્સ ૮૩,૦૦૦ને પાર, ઓટો શેરોમાં ભારે ખરીદી

મુંબઈ, તા. ૧૯



ગુરુવારે ભારતીય શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી હતી. વ્યાપક ખરીદીને કારણે બીએસઈ સેન્સેક્સ ૯૮૯.૯૪ પોઈન્ટના ઉછાળા સાથે ૮૩,૦૨૧.૭૫ની સપાટીએ બંધ રહ્યો હતો, જ્યારે એનએસઈ નિફ્ટી ૨૮૬.૩૫ પોઈન્ટ વધીને ૨૫,૫૧૪.૩૦ પર પહોંચ્યો હતો.

આ તેજીનું મુખ્ય ચાલકબળ ઓટો સેક્ટર રહ્યું હતું, જેમાં નિફ્ટી ઓટો ઈન્ડેક્સ ૪ ટકાથી વધુ વધ્યો હતો. મારુતિ સુઝુકી, આઈશર મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા જેવા શેરોમાં નોંધપાત્ર સુધારો થયો હતો. આ ઉપરાંત બેંકિંગ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને એફએમસીજી શેરોમાં પણ મજબૂત ખરીદી નોંધાઈ હતી. ટ્રેડિંગ સત્ર દરમિયાન નિફ્ટી બેંક ૬૩,૦૫૩.૨૫ની નવી સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. નિષ્ણાતોના મતે, જો નિફ્ટી ૨૫,૫૦૦ની ઉપર ટકી રહેશે તો તે ૨૫,૮૦૦થી ૨૬,૦૦૦ સુધી જઈ શકે છે.

ભારત-જાપાન વચ્ચે સંરક્ષણ ઉત્પાદન અને દરિયાઈ સુરક્ષા પર સહયોગ વધારવા સંમતિ

નવી દિલ્હી, તા. ૧૯

વિદેશ મંત્રી એસ. જયશંકર અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે ટોક્યોમાં જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગી અને સંરક્ષણ મંત્રી શિંજીરો કોઈઝુમી સાથે ચોથો '૨+૨' સંવાદ યોજ્યો હતો. આ બેઠકમાં બંને દેશોએ દરિયાઈ સુરક્ષા, સંરક્ષણ ટેકનોલોજી, સંયુક્ત લશ્કરી કવાયતો અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રની સ્થિતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. વિદેશ મંત્રી જયશંકરે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે દરિયાઈ વેપારના સુગમ પ્રવાહ અને સપ્લાય ચેઈનની સુરક્ષા પર ભાર મૂક્યો હતો. બીજી તરફ, રાજનાથ સિંહે 'ડિઝાઈન વિથ જાપાન, મેન્યુફેક્ચર ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ સંરક્ષણ સાધનોના ઉત્પાદન, મિસાઈલ ટેકનોલોજી અને નૌકાદળના જહાજોના સમારકામ અંગે સહયોગ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બંને દેશોએ આંતરરાષ્ટ્રીય વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ પર ભાર મૂક્યો હતો.

ઈન્દિરા ગાંધીની જન્મજયંતિએ પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા પર આપી શ્રધ્ધાંજલિ

નવી દિલ્હી, તા.૧૯



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે સોશિયલ મીડિયા પર શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ઈન્દિરા ગાંધીનો જન્મ ૧૯ નવેમ્બર, ૧૯૧૭ના રોજ પ્રયાગરાજમાં થયો હતો. તેઓ ભારતનાં પ્રથમ મહિલા વડાપ્રધાન હતાં. તેમણે ૧૯૬૬થી ૧૯૭૭ અને ફરી ૧૯૮૦થી ૧૯૮૪ સુધી દેશનું નેતૃત્વ કર્યું હતું. ૩૧ ઓક્ટોબર, ૧૯૮૪ના રોજ તેમની હત્યા કરવામાં આવી હતી. દરમિયાન, પંજાબમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે તેમની હત્યાના કાવતરાના દોષિત કેહર સિંહના પુત્રને ઉમેદવાર જાહેર કરાતાં રાજકીય ચર્ચા શરૂ થઈ છે.

ચીનનાં ૪૦ અવકાશયાનથી ગમે ત્યાં હુમલો કરવાની ક્ષમતા હોવાનો અમેરિકાનો દાવો

વોશિંગ્ટન, તા.૧૯



અમેરિકાએ ગુપ્તચર અહેવાલમાં ચીનના કથિત ગુપ્ત 'શેનલોંગ' અવકાશયાનની તસવીર જાહેર કરી છે. અમેરિકાની ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી દ્વારા ૨૬ ઓક્ટોબરે જાહેર કરાયેલી આ તસવીરમાં ભ્રમણકક્ષામાં રહેલું અવકાશયાન તેના પેલોડ દરવાજા ખુલ્લા રાખેલી સ્થિતિમાં જોવા મળે છે. અહેવાલ મુજબ, ચીને આવા ૪૦ અવકાશયાનોનો કાફલો તૈયાર કર્યો હોવાનો દાવો છે. ચીની સંશોધકોના અભ્યાસ પ્રમાણે, ભ્રમણકક્ષામાં તૈનાત માનવરહિત અવકાશયાન આદેશ મળ્યા બાદ પૃથ્વી પરના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી શકે છે. કેટલાક ગીચ વસ્તીવાળા વિસ્તારો સુધી પહોંચવા માટે એકથી અઢી મિનિટનો સમય લાગવાનો અંદાજ રજૂ કરાયો છે. જોકે, આ તારણો કમ્પ્યુટર સિમ્યુલેશન પર આધારિત છે અને હુમલાની વાસ્તવિક ક્ષમતાની પુષ્ટિ કરતા નથી. આ સંશોધન ઝિયાનની નોર્થવેસ્ટર્ન પોલિટેકનિક યુનિવર્સિટીના સંશોધકોએ કર્યું હતું. ૩૦ ઓક્ટોબરે ચીનના વૈજ્ઞાનિક જર્નલમાં તે પ્રકાશિત થયું હતું. ચીને હજુ સુધી શેનલોંગની ઓળખ અંગે સ્પષ્ટતા કરી નથી.

ઈરાનના સમર્થનમાં ભારતે મતદાન કરી માનવાધિકાર ઠરાવનો કર્યો વિરોધ


ન્યૂયોર્ક, તા.૧૯



સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાન વિરુધ્ધ રજૂ કરાયેલા માનવાધિકાર ઠરાવ સામે ભારતે મતદાન કર્યું હતું. કેનેડા દ્વારા રજૂ કરાયેલા આ ઠરાવમાં ઈરાનની સરકારની માનવાધિકાર અંગેની કામગીરીની ટીકા કરવામાં આવી હતી. ઈરાને ઠરાવને રાજકીય પ્રેરિત ગણાવી તેનો વિરોધ કર્યો હતો. ભારતે પણ ચોક્કસ દેશને લક્ષ્ય બનાવીને રજૂ કરાતા આવા ઠરાવો સામે પોતાનો વાંધો વ્યક્ત કર્યો હતો. ભારતનું માનવું છે કે આવા ઠરાવોથી માનવાધિકારના મુદ્દાઓનું રાજકીયકરણ થાય છે અને દેશની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ થાય છે. ભારતની પરંપરાગત નીતિ પણ કોઈ એક દેશને નિશાન બનાવતા ઠરાવોનો વિરોધ કરવાની રહી છે. મધ્ય પૂર્વમાં પ્રવર્તતી તંગદિલી વચ્ચે ભારત ઈરાન સાથેના રાજદ્વારી અને વ્યૂહાત્મક સંબંધો જાળવવા માગે છે. આ અગાઉ જાન્યુઆરીમાં સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ઈરાન વિરુધ્ધ રજૂ કરાયેલા ઠરાવનો પણ ભારતે વિરોધ કર્યો હતો. આ ઠરાવમાં વિરોધ પ્રદર્શનોના દમન અંગે ઈરાનની ટીકા કરવામાં આવી હતી.

રવિ સિઝનમાં આદિવાસી ખેડૂતોને વિનામૂલ્યે બિયારણ-ખાતર આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય

ગાંધીનગર,તા.૧૯



ગુજરાત સરકાર દ્વારા આદિવાસી ખેડૂતોને રવિ સિઝનમાં પણ મફત બિયારણ અને ખાતર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતા ૧૪ જિલ્લાના ૪૮ હજારથી વધુ ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. અગાઉ આ સહાય માત્ર ખરીફ સિઝનમાં જ આપવામાં આવતી હતી. હવે રવિ સિઝન માટે પણ લાભાર્થીઓને કિટ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. યોજના હેઠળ દરેક ખેડૂતને એક એકર જમીન માટે પાકનું બિયારણ, પ્રોમ ખાતરની ૫૦ કિલોની બેગ, એમોનિયમ સલ્ફેટની ૫૦ કિલોની બેગ અને એનપીકે કોન્સોર્ટિયાની એક બોટલ આપવામાં આવશે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ઘઉં, ચણા, મકાઈ સહિતના પાકોનું બિયારણ મળશે, જ્યારે દક્ષિણ ગુજરાતમાં શાકભાજીના વિવિધ પાકોનું બિયારણ આપવામાં આવશે.

આ નિર્ણયને આદિવાસી વિસ્તારોમાં સરકારના વધતા ધ્યાન સાથે જોડવામાં આવી રહ્યો છે.

ધારી તાલુકાના જીરા ગામે કૂવામાં પડી જતાં ત્રણ વર્ષના નર સિંહનું મોત

ધારી,તા.૧૯



ધારી તાલુકાના જીરા ગામની સીમમાં આવેલા અશોકભાઈ પરશોતમભાઈ બાંભરોલીયાના ખેતરમાં પેરાપીટવાળા કૂવામાં રાત્રિના અંધકારમાં એક નર સિંહ પડી જતાં તેનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કૂવામાંથી સિંહના મૃતદેહને બહાર કાઢી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસ અને પોસ્ટમોર્ટમ દરમિયાન સિંહનું મૃત્યુ પાણીમાં ડૂબી જવાથી થયું હોવાનું સામે આવ્યું હતું. મૃત સિંહની ઉંમર અંદાજે ૨થી ૩ વર્ષની હતી. બનાવ દલખાણિયા રેન્જના કરમદડી રાઉન્ડ હેઠળના હીરાવા બીટ વિસ્તારમાં બન્યો છે.

રાત્રિના અંધકારમાં કૂવામાં ખાબક્યો, વન વિભાગે મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમની કાર્યવાહી કરી

મોરબીના ટીબડી પાટિયા નજીક ડમ્પરની અડફેટે બાઈક સવાર પિતા-પુત્રનાં મોત

મોરબી, તા. ૧૯

મોરબીના ટીબડી પાટિયા નજીક બપોરના સમયે બેફામ દોડતા ડમ્પરે બાઈકને ઠોકર મારતાં પિતા-પુત્રનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે માતાને ગંભીર ઈજાઓ પહોંચી છે. માળિયા હાઈવે પર કારખાનામાં મજૂરી કરતા દિનેશભાઈ લક્ષ્મણભાઈ પરમાર (ઉ.વ.૩૦) તેમનાં પત્ની લક્ષ્મીબેન અને છ વર્ષીય પુત્ર આદેશ સાથે બીમાર પુત્રની દવા લેવા બાઈક પર મોરબી જઈ રહ્યા હતા ત્યારે આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલાં લક્ષ્મીબેનને વધુ સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યાં છે. દુર્ઘટના સર્જી નંબર પ્લેટ વગરનું ડમ્પર સ્થળ પર મૂકી ચાલક ફરાર થઈ ગયો હતો. મોરબી તાલુકા પોલીસે ગુનો નોંધી ફરાર ચાલકને ઝડપી પાડવા તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

જૂનાગઢમાં લીલી પરિક્રમા પહેલાં જ ભવનાથમાં શ્રધ્ધાળુઓનો ધસારો

સંજોગ ન્યુઝ



ગિરનારની પવિત્ર લીલી પરિક્રમાનો પ્રારંભ ૨૦ નવેમ્બરની રાત્રે થવાનો છે, ત્યારે વિધિવત શરૂઆત પહેલાં જ ભવનાથમાં શ્રધ્ધાળુઓનો ધસારો જોવા મળી રહ્યો છે.

ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આવેલા ભક્તો ઈટવા ગેટ પાસે એકઠા થઈ પ્રવેશદ્વાર ખૂલવાની રાહ જોઈ રહ્યા છે. પરિક્રમામાં આ વર્ષે લાખો શ્રધ્ધાળુઓ આવવાની શક્યતા છે. તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. ભક્તો ગિરનારની પ્રકૃતિ વચ્ચે પરિવાર અને મિત્રો સાથે ભોજન બનાવી તેમજ વૃક્ષોની છાયામાં આરામ કરીને સમય પસાર કરી રહ્યા છે. ૩૬ કિલોમીટરના પરિક્રમા માર્ગ પર પાણી અને લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આરોગ્ય વિભાગની ટીમો પણ તેનાત રહેશે. ઓછા વરસાદને કારણે જંગલમાં સૂકા પાંદડાઓનું પ્રમાણ વધ્યું હોવાથી આગ લાગવાની ભીતિને ધ્યાનમાં રાખીને વનવિભાગે શ્રધ્ધાળુઓને સાવચેતી રાખવા અપીલ કરી છે.


રાજકોટની કુખ્યાત હાંડા ગેંગ સામે ગુજસીટોકનો સકંજો, ૧૪ આરોપીઓની કરાઈ ધરપકડ

રાજકોટ,તા.૧૯

રાજકોટની કુખ્યાત હાંડા ગેંગ સામે શહેર ક્રાઈમ બ્રાન્ચે ગુજસીટોક કાયદા હેઠળ કાર્યવાહી કરી છે. ભવદિપ ઉર્ફે યશ ઉર્ફે હાંડો ડાભી સહિત ૧૫ સભ્યો સામે ગુનો નોંધાયો છે. પોલીસના જણાવ્યા મુજબ, ગેંગના સભ્યો સામે છેલ્લા ૧૦ વર્ષમાં હત્યા, લૂંટ, મારામારી, હત્યાના પ્રયાસ, આર્મ્સ એક્ટ અને એનડીપીએસ સહિતના ૫૦ ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે ૧૪ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે જેલમાં બંધ એક આરોપીનો કબજો મેળવવાની કાર્યવાહી હાથ ધરાશે. કેસની તપાસ એસીપી પશ્ચિમને સોંપવામાં આવી છે. ગેંગે ગુનાહિત પ્રવૃત્તિઓથી મેળવેલી મિલકતોની તપાસ કરી ગેરકાયદે સંપત્તિ ટાંચમાં લેવાની દિશામાં પણ પોલીસ કાર્યવાહી કરશે. રાજકોટમાં ગુજસીટોક હેઠળ અત્યાર સુધી ૧૨ ગુના નોંધાયા છે.

ડાકોરમાં મંદિર બનાવવાના નામે ૧.૨૫ કરોડની છેતરપિંડીનો આક્ષેપ, બે સાધુ સહિત પાંચ સામે ગુનો

ડાકોર,તા.૧૯



ડાકોરમાં ભવ્ય સ્વામિનારાયણ મંદિર અને ગૌશાળા બનાવવાના નામે નિવૃત્ત શાસનાધિકારી પાસેથી ૧.૨૫ કરોડની છેતરપિંડી કર્યાના આક્ષેપ સાથે બે સ્વામી સહિત પાંચ લોકો સામે રાજકોટની આર્થિક ગુના નિવારણ શાખામાં ગુનો નોંધાયો છે. ચોટીલાના નિવૃત્ત શાસનાધિકારી નરસિંહ લઘરભાઈ વાઢેરને આફ્રિકાથી મંદિર માટે મોટું દાન મળવાનું હોવાનું કહી જમીન ખરીદીમાં રોકાણ કરાવાયું હતું. ફરિયાદ મુજબ, ૮ જૂન ૨૦૨૦ના રોજ ડાકોર નજીક ૩૫૪ વીઘા જમીનના સોદા પેટે ૧.૨૪ કરોડ રોકડા આપવામાં આવ્યા હતા. જમીનનું સાટાખત પણ કરવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદ ન તો જમીનનો રજિસ્ટર્ડ દસ્તાવેજ થયો કે ન તો રકમ પરત મળી હતી. આ મામલે માધવપ્રિય સ્વામી,દર્શન પ્રકાશ સ્વામી, ચિંતન પરમાર, લાલજી ઢોલા અને જેકી રામી સામે ગુનો નોંધાયો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદમાં એફસીઆરએ સર્ટિફિકેટ અને વિદેશી દાનની વાતો કરી સમય પસાર કર્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

અમૂલ બાદ સુમુલ ડેરીએ મોંઘવારીનો ઝટકો આપ્યો, દૂધના ભાવમાં રૂ. ૧ થી ૬ નો વધારો

સુરત,તા.૧૯



મોંઘવારી વચ્ચે અમૂલ બાદ હવે સુરતની સુમુલ ડેરીએ પણ દૂધના ભાવમાં રૂ.૧થી ૬ સુધીનો વધારો કર્યો છે. નવા ભાવ આજથી એટલે કે ૧૯ નવેમ્બરથી અમલી બન્યા છે. ભેંસના એક લિટર દૂધના પેકેટમાં રૂ.૬નો વધારો થતાં હવે ભાવ રૂ.૭૮થી વધીને રૂ.૮૪ થયો છે. અમૂલ ગોલ્ડના એક લિટરના પેકેટનો ભાવ રૂ.૭૨થી વધીને રૂ.૭૬ થયો છે. જ્યારે ૫૦૦ મિલીલીટરના પેકેટનો ભાવ રૂ.૩૬થી વધીને રૂ.૩૮ થયો છે. અમૂલ તાજા, અમૂલ શક્તિ અને સુમુલ ગાયના દૂધના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. સુમુલ ડેરી દ્વારા સુરત અને તાપી જિલ્લામાં દરરોજ આશરે ૧૨.૫૦ લાખ લિટર દૂધનું વેચાણ કરવામાં આવે છે.

ભાવ વધારાથી લાખો પરિવારોના ઘરખર્ચનું બજેટ ખોરવાશે. ખાસ કરીને મધ્યમ વર્ગને મોંઘવારીનો વધુ માર સહન કરવો પડશે.

રાજકોટ સોની બજારમાં સોનાની લૂંટમાં ફરિયાદી જ નીકળ્યો કાવતરાનો મુખ્ય સૂત્રધાર

રાજકોટ,તા.૧૯



રાજકોટની સોની બજારમાં દિવાળી પહેલાં છરીની અણીએ સોનાના તારની લૂંટ થયાની ફરિયાદ નોંધાતાં પોલીસ દોડતી થઈ હતી, પરંતુ તપાસમાં સમગ્ર લૂંટનું નાટક હોવાનું સામે આવ્યું છે. ૧૯ વર્ષીય કારીગર સચીન મુલારામ મીણાએ પોતાના ત્રણ મિત્રો સાથે મળી લૂંટનું કાવતરું ઘડ્યું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે ત્રણ શખ્સોની ધરપકડ કરી રૂ.૩.૯૦ લાખની કિંમતનો સોનાનો તાર કબજે કર્યો છે.મૂળ રાજસ્થાનના સચીન મીણાએ ૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તે બાલાજી તારવાળાની દુકાનેથી આશરે ચાર લાખ રૂપિયાનો સોનાનો તાર લઈને એક્ટિવા પર જઈ રહ્યો હતો. ત્યારે રસ્તામાં એક અજાણ્યા શખ્સે લિફ્ટ માગી હતી અને ત્યારબાદ છરી બતાવી સોનાનો તાર લૂંટી લીધો હતો.તપાસ દરમિયાન પોલીસે શીવલાલ છોગારામ મેઘવાર, શ્રવણ ચેલારામ ચૌધરી અને રાજુરામ ભંવરલાલ કીરને ઝડપી લીધા હતા. પોલીસના જણાવ્યા મુજબ, દિવાળીના તહેવારમાં નાણાંની જરૂરિયાત ઊભી થતાં સચીન અને શીવલાલે લૂંટનું નાટક રચ્યું હતું. જેમાં અન્ય બે મિત્રો પણ જોડાયા હતા. શીવલાલે સોની બજારમાં રેકી કરી હતી અને આયોજન મુજબ સોનાનો તાર લઈ ત્રણેય મિત્રો ફરાર થયા હતા.



